**તેજી હોય કે પછી મંદી**

બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી, નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી, આધુનિક આર્થિક પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક

ધી **ઇકોનોમિક રેવલ્યૂશન**

ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ

વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in

email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું, અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જી. જોષી

email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

NIRMAL METRO

Thursday
25.04.2024
Year 12, Issue 106

દૈનિક

● વર્ષ : ૧૨ ● અંક : ૧૦૬ ● તા.૨૫.૦૪.૨૦૨૪ ● ગુરૂવાર ● આદ્ય સહતંત્રી : સ્વ. દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, જય મંગલ બીઆરટીએસ બસ સ્ટોપ સામે, ૧૩૨' રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મો. : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

● Year : 12 ● Issue : 106 ● Date : 25.04.2024 ● Thursday ● Editor : NARENDRA G. JOSHI ● Page - 4 ● Price : Rs. 1/- ● Annual Sub - 300.
Regd. Office : H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. ● Mo. 98250 65387

### ભાજપ દલિત અને ઓબીસીનો ઈતિહાસ ભૂંસી નાખવા માંગે છે

# કોંગ્રસનો મેનિફેસ્ટો જોઈને પીએમ ગભરાઈ ગયા છે : રાહુલ

## બજારની વાત

તા.૨૪.૦૪.૨૦૨૪

**ઈન્ડેક્ષ**

| | | |
|---|---|---|
| **સેન્સેક્ષ** | | |
| ૭૩૮૫૨.૯૪ | ૧૧૪.૪૯ | ૦.૧૬ % |
| **નિફ્ટી** | | |
| ૨૨૪૦૨.૪૦ | ૩૪.૪૦ | ૦.૧૫૬ % |
| **કોમોડીટી** | | |
| **ક્રુડ** | | |
| ૬,૮૯૬.૦૦ | -૩૨.૦૦ | - ૦.૪૬ % |
| **સોનું** | | |
| ૭૧,૦૩૬.૦૦ | ૭.૦૦ | ૦.૦૧ % |
| **ચાંદી** | | |
| ૮૦,૫૦૯.૦૦ | -૧૬૯.૦૦ | -૦.૨૧ % |
| **નેચરલ ગેસ** | | |
| ૧૪૨.૪૦ | -૬.૭૦ | -૪.૪૯ % |
| **ચલણી નાણું** | | |
| **ડોલર / રૂપિયો** | | |
| ૮૩.૩૧૫૦ | -૦.૦૩ | -૦.૦૪ % |

## મારા માટે સામાજિક ન્યાય એ રાજકીય મુદ્દો નથી : જાતિની વસ્તી ગણતરીને કોઈ શક્તિ રોકી શકે નહીં

નવી દિલ્હી,તા.૨૪

કોંગ્રેસ પાર્ટીના સામાજિક ન્યાય સંમેલન કાર્યક્રમમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, કોંગ્રેસનો મેનિફેસ્ટો જોઈને પીએમ ડરી ગયા છે. આ એક ક્રાંતિકારી મેનિફેસ્ટો છે. અમે જાતિની વસ્તી ગણતરી કરાવવાનું વચન આપ્યું છે. ભાજપ દલિત-ઓબીસીનો ઈતિહાસ ભૂંસી નાખવા માંગે છે. તમારા ઈતિહાસના મૂળ ફરી એકવાર સ્થાપિત કરવા પડશે. જાતિની વસ્તી ગણતરીને કોઈ શક્તિ રોકી શકે નહીં.

મોદીએ ૧૦ વર્ષ સુધી દેશને કહ્યું કે તેઓ ઓબીસી છે. મેં જાતિ ગણતરીની વાત કરી કે તરત જ મોદીએ કહેવાનું શરૂ કર્યું કે દેશમાં માત્ર બે જ જાતિઓ છે, અમીર અને ગરીબ. હું કહું છું કે, ગરીબોની યાદી બહાર કાઢો, તેમાં તમને દલિત, આદિવાસી અને ઓબીસી જોવા મળશે, પરંતુ અમીરોની યાદીમાં તમને આ ત્રણ સમુદાયના લોકો નહીં મળે.



જો તમારે મહાસત્તા બનવું હોય તો તમારે ૯૦ ટકા (ઓબીસી, આદિવાસી, દલિત)ની શક્તિનો ઉપયોગ કરવો પડશે. આ લોકો પોતાને દેશભક્ત કહે છે, પરંતુ એક્સ-રે એટલે કે વસ્તી ગણતરીથી ડરે છે. મારા માટે સામાજિક ન્યાય એ રાજકીય મુદ્દો નથી. આ હવે મારા જીવનનું મિશન છે. જીવન મિશનમાં કોઈ બાંધછોડ થઈ શકે નહીં.મેં દેશની ટોચની ૨૦૦ મોટી કંપનીઓના માલિકોની યાદી બહાર પાડી. આ ૨૦૦ કંપનીઓમાંથી નરેન્દ્ર મોદીએ ૨૫ લોકોને ૧૬ લાખ કરોડ રૂપિયા આપ્યા છે. આટલા પૈસાથી દેશના ખેડૂતોની ૨૫ વખત લોન માફી થઈ શકે છે. આ ૨૦૦ કંપનીઓમાંથી એક પણ આદિવાસી નથી, એક પણ દલિત નથી, એક પણ OBC નથી.મેં તે કંપનીઓના સીઈઓ અને એક્કરોની યાદી જોઈ છે જેઓ મને મીડિયામાં બિન-ગંભીર કહી રહ્યા છે. મીડિયા કંપનીઓના ૯૦% CEO-એન્કરો અને વરિષ્ઠ નેતૃત્વ OBC અથવા દલિત જાતિના નથી.મને જ્ઞાતિમાં કોઈ રસ નથી.

મને ન્યાયમાં રસ છે. મેં એટલું જ કહ્યું કે લોકોને કેટલો અન્યાય થઈ રહ્યો છે તે શોધવું જોઈએ. આ માટે જાતિ ગણતરી એટલે કે એક્સ-રે કરાવવાની વાત થઈ હતી. મેં આટલું કહ્યું કે તરત જ ભાજપના લોકો કહેવા લાગ્યા કે હું દેશના ભાગલા પાડવાનો પ્રયાસ કરી રહ્યો છું.મોદીએ ૨૨ લોકોને ૧૬ લાખ કરોડ રૂપિયા આપ્યા છે. અમારી સરકાર આવશે તો તેના કેટલાક પૈસા લોકોને આપવામાં આવશે. મને પછાત શબ્દ પણ ગમતો નથી. આનો અંત આવવો જોઈએ. અમારી સરકાર આવશે તો અમે વિચારીશું.ભાજપ ઈચ્છે છે કે SC-ST, OBC સમુદાયના લોકો તેમના ઈતિહાસને ઓળખે નહીં. તમને ભૂતકાળથી કાપી નાખવામાં આવ્યા છે. ફુલેજી અને આંબેડકરજી જેવા કરોડો લોકો હતા, જેમણે દેશ માટે ૨૪ કલાક પોતાનું લોહી અને પરસેવો આપ્યો, પરંતુ તેમના વિશે કોઈ બોલતું નથી. સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ આ સમુદાયના લોકોની કેન્દ્રીય ભૂમિકા હતી, પરંતુ તેની કોઈ ચર્ચા નથી.દેશની સરકાર અને રાજ્ય સરકારો પાક વીમા યોજના માટે ૪૫ હજાર કરોડ રૂપિયા આપે છે. તેના પૈસા ૧૬ કંપનીઓને જાય છે. તેમના માલિકોમાં એક પણ દલિત-ઓબીસી નથી. પછી જ્યારે વાવાઝોડું આવે છે ત્યારે ખેડૂતોનું ખેતર નાશ પામે છે. ત્યારે આ કંપનીઓ કહે છે કે તમારા ખેતરમાં કોઈ ખોટ નથી. એટલે કે GST દ્વારા ગરીબો પાસેથી પૈસા લઈને તે એવા લોકો સુધી પહોંચ્યા જેઓ દલિત-ઓબીસી નથી.એવું ન વિચારો કે જાતિ ગણતરી માત્ર કાસ્ટ સર્વે છે, તેમાં આર્થિક અને સંસ્થાકીય સર્વે પણ ઉમેરવામાં આવશે. જેથી દરેકને ખબર પડશે કે કઈ જ્ઞાતિના લોકોની કેટલી આવક છે અને વિવિધ સંસ્થાઓમાં તેમની કેટલી ભાગીદારી છે. એક રીતે, તેને રાષ્ટ્રીય એક્સ-રે ગણો. મને આશ્ચર્ય થાય છે કે આઝાદીના ૭૦ વર્ષ પછી આજે દેશની શું સ્થિતિ છે.

આંધ્રપ્રદેશમાં એક મહિલાને તેના જ લગ્નમાંથી ખેંચીને લઈ જવાનો કિસ્સો સામે આવ્યો છે. આ ઘટના રાજ્યના પૂર્વ ગોદાવરી જિલ્લાના કડિયામમાં બની હતી. આ ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં જોઈ શકાય છે કે કેવી રીતે ચાર-પાંચ યુવકો દુલ્હનને પોતાની સાથે લગ્ન મંડપમાંખી ખેંચીને લઈ જાય છે. આ દરમિયાન, વરરાજા સહિત જેણે પણ આને રોકવાની કોશિશ કરી તેની આંખમાં મરચાંનો ભૂકો નાખ્યો હતો. દુલ્હન મદદ માટે બૂમો પાડતી રહી પણ આ યુવકોને કોઈ જ અસર થઈ નહીં. હાલના મામલામાં વરરાજાના પરિવારે અપહરણની કલમો હેઠળ કેસ દાખલ કર્યો છે. પોલીસ આ કેસની તપાસ કરી રહી છે.

મનમાં આ પ્રશ્ન ઉદભવવો સ્વાભાવિક છે કે, આ લોકો કોણ છે જેઓ કન્યાને તેના લગ્નમાંથી ઉઠાવીને લઆ જાય છે? વાસ્તવમાં, આ યુવકો



દુલ્હનના પિતરાઈ ભાઈઓ છે, જેઓ તેના પ્રેમ લગ્ન કરવાના વિરોધમાં તેને લગ્નમંડપમાંથી ખેંચીને લઈ જઈ રહ્યા છે. જ્યારે દુલ્હન આનો વિરોધ કરે છે, ત્યારે પિતરાઈ ભાઈઓ તેને તેની મરજી વિરુદ્ધ મંડપમાંથી ખેંચીને લઈ જાય છે. દુલ્હનની ઓળખ સ્નેહા તરીકે થઈ હતી. તે વેંકટનંદુને પ્રેમ કરે છે અને તેના પરિવારની ઈચ્છા વિરુદ્ધ તેની સાથે લગ્ન કરવા જઈ રહી હતી.

બંને વેટરનરી મેડિસિન ડિપ્લોમાનો અભ્યાસ કરી રહ્યા હતા, જ્યાં તેઓ મળ્યા અને પ્રેમમાં પડ્યા હતા. બંનેએ ૧૩ એપ્રિલે વિજયવાડાના એક મંદિરમાં લગ્ન કર્યા હતા. લગ્ન બાદ વરરાજા તેની પત્નીને ઘરે લઈ આવ્યો હતો. અહીં ઘરના વડીલોએ બંનેના ઔપચારિક લગ્નનું આયોજન કરવાનું નક્કી કર્યું, જેમાં મોટી સંખ્યામાં સંબંધીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ સમારોહમાં યુવતીના પરિવારજનોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

### અમેરિકામાં ૫૫ ટકા સંપત્તિ સરકારના ખાતે જાય છે

## સેમ પિત્રોડાએ વારસાઈ ટેક્સની વાત કરતાં કોંગ્રેસ પાર્ટી ભીંસમાં

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા. ૨૪

કોંગ્રેસના સેમ પિત્રોડાએ સંપત્તિના વિતરણ અંગે ટિપ્પણી કરી તેના કારણે મોટો વિવાદ થઈ ગયો છે અને નરેન્દ્ર મોદી અને અમિત શાહ સહિત ભાજપના નેતાઓએ આ મુદ્દો પકડી લીધો છે. સેમ પિત્રોડાએ અમેરિકામાં શિકાગોમાં કહ્યું હતું કે અમેરિકામાં વારસાઈ ટેક્સ એટલે કે ઈનહેરિટન્સ ટેક્સ હોય છે. જેમાં કોઈ અબજોપતિ વ્યક્તિનું મૃત્યુ થાય તો તેના વારસદારને માત્ર ૪૫ ટકા સંપત્તિ મળે છે જ્યારે ૫૫ ટકા સંપત્તિ સરકારના ખાતે જાય છે.

સેમ પિત્રોડાની આ ટિપ્પણી કોંગ્રેસને ભારે પડી રહી છે. કોંગ્રેસ ભારતમાં પણ આ પ્રકારનો વારસાઈનો ટેક્સ લાગુ કરવા માંગે છે તેમ કહીને ભાજપે મોટો મુદ્દો બનાવ્યો છે જેના કારણે કોંગ્રેસ હવે આ આગ ઠારવામાં લાગી ગઈ છે. જોકે, સેમ પિત્રોડાએ સ્પષ્ટતા કરી કે મેં એવું નથી કહ્યું કે ભારતમાં પણ ૫૫ ટકા સંપત્તિ સરકારે લઈ લેવી જોઈએ, હું તો માત્ર અમેરિકાનું ઉદાહરણ આપતો હતો.

સેમ પિત્રોડા એક સમયે રાજીવ ગાંધીના વિશ્વાસુ હતા અને ભારતમાં ટેલિકોમ ક્રાંતિ લાવવામાં તેમને મહત્ત્વની વ્યક્તિ ગણવામાં આવે છે. પરંતુ હાલમાં તેઓ એક ટિપ્પણીના કારણે ભાજપના નિશાના પર છે. પિત્રોડાએ કહ્યું હતું કે "અમેરિકામાં વારસાઈ ટેક્સ એ એક રસપ્રદ કાયદો છે. તેમાં એવું કહેવાય છે કે તમે તમારી પેઢીમાં સંપત્તિ બનાવી અને હવે તમે દુનિયામાંથી વિદાય લઈ રહ્યા છો, તો તમારે લોકો માટે સંપત્તિ છોડી જવી જોઈએ. બધી સંપત્તિ નહીં પણ અડધી સંપત્તિ બીજા લોકો માટે રાખી જવી જોઈએ. મને લાગે છે કે આ બરાબર છે. " પિત્રોડાએ આગળ કહ્યું હતું કે "ભારતમાં આવો કોઈ વારસાઈનો કાયદો નથી. તેથી ભારતમાં ૧૦ અબજ રૂપિયાની સંપત્તિ ધરાવતી કોઈ વ્યક્તિ મૃત્યુ પામે તો બધા રૂપિયા તેના સંતાનોને મળે છે, લોકોને કંઈ નથી મળતું. તેથી આપણે આવા મુદ્દા પર ચર્ચા કરવી જોઈએ. અંતમાં તેનું શું તારણ આવશે તેની મને ખબર નથી પરંતુ આપણે હવે સંપત્તિની વહેંચણીની વાત કરીએ છીએ, આપણે લોકોના હિતની વાત કરીએ છીએ, માત્ર સુપર રિચ લોકોના હિતની વાત નહીં."

અમિત શાહે કહ્યું કે પિત્રોડાના નિવેદન પછી કોંગ્રેસ એક્સપોઝ થઈ ગઈ છે. સૌથી પહેલા ઘોષણાપત્રમાં સરવે, મનમોહન સિંહનું નિવેદન જેમાં તેમણે દેશની સંપત્તિ પર સૌથી પહેલો અધિકાર માઈનોરિટીનો છે એવું કહ્યું છે. હવે પિત્રોડાએ સંપત્તિની વહેંચણી પર વિચાર થવો જોઈએ એમ કહ્યું છે. અમેરિકાનો હવાલો આપીને તેમણે કહ્યું કે ૫૫ ટકા સંપત્તિ સરકારી ખજાનામાં જાય છે. અમિત શાહે કહ્યું કે વડાપ્રધાને મુદ્દો ઉઠાવ્યો ત્યારે આખી કોંગ્રેસ બેકફૂટ પર આવી ગઈ છે. પરંતુ બધાને ખબર પડી ગઈ છે કે કોંગ્રેસ દેશની પ્રાઈવેટ સંપત્તિનો સરવે કરીને, સંપત્તિને સરકારી ખજાનામાં નાખીને યુપીએ શાસનમાં જે પ્રાયોરિટી નક્કી કરી હતી. દેશના સંશાધન પર પર સૌથી પહેલો અધિકાર માઈનોરિટીનો અને તેમાં પણ મુસ્લિમોનો છે તે પ્રમાણે વહેંચણી કરવા માંગે છે. અમિત શાહે ચેલેન્જ કરી કે કોંગ્રેસ આ વાતને પોતાના મેનિફેસ્ટોમાંથી હટાવે અથવા સ્વીકારે કે આ જ તેમનો હેતુ છે.

## હિમાલયમાં ઝડપથી ગ્લેશિયર્સ પીગળ્યાં, ISROનો ખુલાસો

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા. ૨૪

હિમાલયના પહાડોને દુનિયાનો ત્રીજો ધ્રુવ કહેવામાં આવે છે. તેનું કારણ છે ભારે સંખ્યા અને પ્રમાણમાં ગ્લેશિયરની હાજરી અને મોટા પ્રમાણમાં બરફનો જથ્થો પરંતુ આ વિસ્તાર ગ્લોબલ વોર્મિંગના કારણે અતિ પ્રભાવિત થઈ રહ્યો છે અને તેનો બરફ બહુ ઝડપથી પીગળી રહ્યો છે. ગ્લેશિયરો સંકોચાઈ રહ્યા છે. જેના કારણે બરફના તળાવો ખતરનાક બની શકે છે અને સિંધુ, ગંગા અને બ્રહ્મપુત્રા નદીની મુશ્કલીમાં મોટો વધારો થશે. આ ચોંકાવનારો ખુલાસો કર્યો છે ભારતની સ્પેસ એજન્સી ઈસરોએ. ઈસરોએ સેટેલાઈટ ઈમેજ જાહેર કરીને દાવો કર્યો છે કે હિમાલયના ગ્લેશિયલ ઝડપથી ઓગળી રહ્યા છે. સાથે જ હિમાલયમાં જે તળાવોની ઓળખ કરવામાં આવી છે તેનો આકાર પણ મોટો થઈ ગયો છે.

ઈસરોએ કહ્યું છે કે ૧૯૮૪થી ૨૦૨૩ સુધી હિમાલયના ભારત ક્ષેત્રમાં નદી ઘાટીઓના કેચમેન્ટ કવર કરનારી સેટેલાઈટ ઈમેજે ગ્લેશિયર તળાવમાં આવેલા પરિવર્તનનો સંકેત આપ્યો છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે

૨૪૩૧ તળાવમાંથી ૬૭૬ તળાવનો વિસ્તાર થયો છે....

તેમાં ઓછામાં ઓછા ૧૩૦ તળાવ ભારતમાં છે....

જેમાંથી ૬૫ સિંધુ નદી બેસીન પર આવેલા છે...

૫૮ તળાવ બ્રહ્મપુત્ર નદી પર તળાવ આવેલા છે...

જ્યારે ગંગા નદી પર ૭ તળાવ આવેલા છે....

જેના કારણે આ નદીઓ પર મોટું જોખમ તોળાઈ રહ્યું છે..

ઈસરોના રિપોર્ટ પર સરકારે ખૂબ ગંભીરતાથી પગલાં લેવાની જરૂર છે કેમ કે ૬ મહિના પહેલાં સિક્કિમમાં લહોનક ગ્લેશિયર તૂટતાં ભયાનક પૂર આવ્યું હતું. જેમાં ૧૮૦ લોકોના મોત થયા હતા. જ્યારે ૫૦૦૦ કરોડથી વધારેનું નુકસાન થયું હતું. આ પહેલાં ૨૦૨૧માં ઉત્તરાખંડની નીતિ ઘાટી પર ગ્લેશિયર તૂટતાં ભારે તબાહી સર્જાઈ હતી. જેમાં ૨૦૫ લોકોના મોત થયા હતા.

## કિર્ગીસ્તાનમાં બરફનાં ઝરણાં જોવા ગયેલા ભારતીય સ્ટુડન્ટનું થીજી જતાં મોત

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા. ૨૪

ભારતથી વિદેશમાં અભ્યાસ કરવા ગયેલા તેજસ્વી વિદ્યાર્થીનું બરફનાં ઝરણામાં ફસાઈ જતા મોત નીપજ્યું છે. એક તેલુગુ મેડિકલ સ્ટુડન્ટ કિર્ગિસ્તાનમાં બરફનાં ઝરણા જોવા માટે ગયો હતો. આ યુવકની ઉંમર ૨૦ વર્ષની જ હતી અને તે પરિવારથી દૂર મેડિકલ ક્ષેત્રો પોતાની કારકિર્દી બનાવવા માટે વિદેશ ગયો હતો. તેવામાં દરરોજના અભ્યાસના રૂટિનથી થોડો બ્રેક લઈ તે પોતાના ક્લાસમેટ્સ જોડે બરફનાં ઝરણા જોવા માટે ગયો હતો. જોકે અહીં તેની સાથે એવી દુર્ઘટના ઘટી કે તેણે પોતાનો જીવ ગુમાવી દીધો હતો.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આ ૨૦ વર્ષીય ભારતીય યુવકનું નામ દસારી ચંદુ છે. તેના પિતાને ૨ દીકરાઓ છે અને તેમને આંધ્ર પ્રદેશના અનકાપલ્લીમાં એક દુકાન પણ છે. તેવામાં આ યુવક ભણવામાં સારો હતો અને તેને વિદેશ જઈને મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરવો હતો જેથી તે કિર્ગિસ્તાન પહોંચી ગયો હતો. અહીં તેને સ્ટડીમાં રૂટિન પણ સારુ ચાલતું હતું એટલું જ નહીં મેડિકલ સ્ટુડન્ટ્સ સાથે તેની મિત્રતા પણ સારી હતી. તેવામાં તેણે પોતાના મિત્રો સાથે રવિવારે એક વોટરફોલ પર ફરવા જવાનું મન બનાવી લીધું હતું.

બધા મિત્રો રાજી થઈ ગયા અને તેઓ કિર્ગિસ્તાનમાં આવેલા ફેમસ બરફનાં ઝરણા જોવા માટે પહોંચી ગયા હતા. જોકે આ દરમિયાન યુવક સાથે દુર્ઘટના ઘટી અને તે આ બરફનાં ઝરણા જોવા ગયો હતો. આ સમયે દુર્ઘટના ઘટી અને યુવક ઝરણામાં ફસાઈ ગયો હતો. જ્યા ટેમ્પ્રેચર લો હતું એ તેનું બોડી સહન ન કરી શક્યું અને બાદમાં ત્યાં ફસાઈ જતા મોત નીપજ્યું છે. તેના મિત્રોએ બચાવવા પ્રયાસ કર્યો પરંતુ અહીં બચાવ એનો બચાવ કરવો લગભગ અશક્ય હતો. તેવામાં ઘટનાસ્થળે જ તેમણે મદદ માટે બૂમો પાડી પરંતુ બીજી બાજુ જોતજોતામાં જ યુવકે અંતિમ શ્વાસ લઈ લીધો હતો. આ જોઈ મિત્રો ગભરાઈ ગયા અને તેમની આ ટ્રિપ એક દર્દનાક દુર્ઘટનામાં પરિણમી હતી. ઉલ્લેખનીય છે કે ત્યારબાદ તેમણે આ અંગે અન્ય મિત્રો અને ભારતમાં આ યુવકના પરિવારને કરી દીધી હતી.જ્યારે વિદેશથી ફોન આવ્યો ત્યારે પરિવારને લાગ્યું કે દીકરો ફરવા ગયો છે તો વાત કરવા ફોન કર્યો હતો. તેમણે હોંશે હોંશે ફોન ઉપાડ્યો તો તેમના મિત્રોના દબાયેલા અવાજ હતા અને તે કશુ બોલી નહોતા શકતા.

### સુપ્રીમે નાનકડી એડ સામે વાંધો ઉઠાવ્યો હતો

## રામદેવે ભ્રામક જાહેરખબરના કેસમાં ફરીવાર માફી છપાવી

એજન્સી દ્વારા

નવી દિલ્હી,તા.૨૪

સુપ્રીમ કોર્ટે ભ્રામક જાહેરખબરના કેસમાં આકરી ઝાટકણી કાઢ્યા બાદ પતંજલિ, બાબા રામદેવ અને બાલકૃષ્ણએ વધુ એક 'માફીનામું' છપાવ્યું છે. તેઓ કોર્ટ પાસે બિનશરતી માફી માંગી છે.

પતંજલિ પર અખબારોમાં જાહેરાતો આપીને એલોપેથી વિરુદ્ધ નકારાત્મક પ્રચાર કરવાનો આરોપ છે. હાલ આ કેસ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી પર છે.

ઉલ્લેખનીય છે કે, પતંજલિએ ગઈકાલે નાનું 'માફીનામું' છપાવ્યું હતું, જેના પર કોર્ટે નારાજગી વ્યક્ત કરી પૂછ્યું હતું કે, 'શું તે જાહેરાતની સાઈઝ તેની દવાઓની ભ્રામક જાહેરખબર જેટલી છે?' ત્યારબાદ આ મોટી જાહેરખબર ખબર આપી સાર્વજનીક માફી માંગવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે રામદેવ અને બાલ ક્રિષ્નાને ૩૦ એપ્રિલે કોર્ટમાં હાજર થવા હુકમ કર્યો હતો.પતંજલિએ બુધવારે (૨૪ એપ્રિલ) છપાવેલી 'સાર્વજનિક માફીનામા'માં લખ્યું છે કે, 'અમારા દ્વારા જાહેરાતો પ્રકાશિત કરવામાં થયેલી ભૂલ માટે અમે નિષ્ઠાપૂર્વક અને બિનશરતી માફી માંગીએ છીએ. આવી ભૂલ ફરી નહિ થાય. અમે સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું સાવધાની સાથે પાલન કરવાનું વચન આપીએ છીએ.'

પતંજલિએ આ પહેલા ૨૨ એપ્રિલે ૬૭ સમાચાર પત્રોમાં સાર્વજનિક માફીનામાની જાહેરખબર આપી હતી અને આવી ભુલ ફરી ભવિષ્યમાં ન કરવાની વાત કહી હતી. પતંજલિએ આ બાબતન માહિતી ૨૩ એપ્રિલે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ હિમા કોહલી અને ન્યાયાધીશ અમાનતુલ્લાહની બેંચને આપી હતી.

રામદેવના વકીલ મુકુલ રોહતગીએ ગઈકાલે કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે, અમે માફીનામુ રજૂ કરી ચૂક્યા છીએ. જેના પર જસ્ટિસ હિમા કોહલીએ પૂછ્યું કે, કાલે કેમ રજૂ કર્યું, હાલ અમે રજૂ કરેલા બંડલો જોઈ શકીશું નહિં. તમારે પહેલેથી જ રજૂ કરવુ હતું. જ્યારે જસ્ટિસ અમાનુલ્લાના માફીનામું ક્યા પ્રકાશિત થયું છે, તેના જવાબમાં રોહતગીએ જણાવ્યું હતું કે, ૬૭ અખબારોમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે.

### દિલ્હી લિકર પૉલિસી કેસ

## મનિષ સિસોદિયાની ન્યાયીક કસ્ટડી ૭ મે સુધી લંબાવાઈ

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા. ૨૪

દિલ્હી લિકર પોલિસી સંબંધીત CBI કેસમાં આરોપો ઘડવા માટે હાલ સુનાવણી શરૂ ન કરવાની માંગ કરતી અરજી પર રાઉઝ એવન્યુ કોર્ટમાં આજે સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં કોર્ટે CBI પાસે જવાબ માંગ્યો છે. તો બીજીતરફ કોર્ટે સીબીઆઈ કેસમાં મનીષ સિસોદિયાની ન્યાયીક કસ્ટડી સાતમી મે સુધી લંબાવી દીધી છે. હવે આ કેસની સુનાવણી સાતમી મેએ હાથ ધરાશે.

સુનાવણી દરમિયાન દલીલ પુરી થતાં જ આરોપીના વકીલ કોર્ટમાંથી બહાર જતા રહ્યા હતા. ત્યારબાદ આ મામલે કોર્ટે નારાજગી વ્યકત કરતા વકીલે ન્યાયાધીશને કહ્યું કે, 'અમને કોર્ટ રૂમમાંથી વૉકઆઉટ કરાયા ન હતા. આ મામલે અમે માફી માંગીએ છીએ.' ન્યાયાધીશે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, અમે પહેલીવાર આવું વર્તન જોયું છે. તમારી દલીલ પુરી થતાં જ તમે બધા કોર્ટની બહાર જતા રહ્યા. તમારું આ કેવું વર્તન છે કે તમે બધા કોર્ટની મંજૂરી લીધા વગર કોર્ટમાંથી બહાર જતા રહ્યા અને કોર્ટને કહ્યા વગર જતા રહ્યા.'

અરજદારના વકીલે કોર્ટને કહ્યું કે, 'દિલ્હી લિકર પોલિસી સંબંધીત ઝ્રમ્ૈં કેસમાં હજુ સુધી તપાસ ચાલી રહી છે.' જેના જવાબમાં સીબીઆઈએ તેમની દલીલનો વિરોધ કર્યો હતો. અરજદારના વકીલે કોર્ટમાં કહ્યું કે, 'કેસની સુનાવણી દરમિયાનૈંએ કહ્યું હતું કે, ત્રણ મહિનામાં તપાસ પુરી કરી દેવાશે, પરંતુ હજુ સુધી તપાસ ચાલી રહી છે. કોર્ટના આદેશ બાદ કેસમાં ધરપકડ કરાઈ અને ૧૬૪ લોકોનું નિવેદન રેકોર્ડ કરવામાં આવ્યું. આવી સ્થિતિમાં હાલ આરોપો ઘડવા પર સુનાવણી શરૂ ન કરવી જોઈએ.'

બીજીતરફ સીબીઆઈએ આરોપીના વકીલની અરજીનો વિરોધ કરતા કહ્યું કે, 'કેસમાં જેટલી પણ ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી છે, તે તમામ પર દલીલ કરીશું.'

કોર્ટે દલીલ સાંભળ્યા બાદ કહ્યું કે, 'અમને હજુ સુધી અરજીની કૉપી મળી નથી. આ કેસમાં આગામી સુનાવણી સાતમી મેએ હાથ ધરાશે.'

## નિર્મલ મેટ્રો

### તંત્રીની કલમે....

તે દુઃખદ અને ચિંતાજનક છે કે ભારતીય મસાલા કંપનીઓ પર ફરીથી સવાલો ઉભા થઈ રહ્યા છે. સિંગાપોર અને હોંગકોંગમાં કેટલાક ભારતીય મસાલા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેના કારણે ભારતમાં હલચલ મચી ગઈ છે. ભારત વિશ્વનો સૌથી મોટો મસાલા ઉત્પાદક, ઉપભોક્તા અને નિકાસકાર છે અને આ ભારતીય મસાલા પર કોઈપણ વાંધો તેની પ્રતિષ્ઠાને અસર કરી શકે છે. તેથી, ભારત સરકારે સિંગાપોર અને હોંગકોંગના ખાદ્ય સુરક્ષા નિયમનકારો પાસેથી યોગ્ય રીતે વિગતો માંગી છે. વાણિજ્ય મંત્રાલયે આ બંને દેશોમાં ભારતીય દૂતાવાસોને આ મામલે વિગતવાર રિપોર્ટ મોકલવા નિર્દેશ આપ્યો છે. સરકાર પણ પોતાના સ્તરે તપાસ કરી રહી છે અને લક્ષ્યાંકિત ભારતીય કંપનીઓ પાસેથી સંપૂર્ણ વિગતો પણ માંગવામાં આવી છે. મસાલાને લઈને આ દેશોમાંથી ફરિયાદો પહેલીવાર જ નહીં, પરંતુ પરિસ્થિતિ એવા તબક્કે કેવી રીતે પહોંચી ગઈ કે પ્રતિબંધ લાદવાની જરૂર પડી? ખાદ્ય ઉત્પાદનોના કિસ્સામાં, કંપનીઓ વારંવાર તેમના સ્તરે ફરિયાદોનું નિરાકરણ કરતી રહી છે અને આ મસાલા કંપનીઓએ એવી કઈ બેદરકારી કરી જેના કારણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો? પ્રારંભિક ફરિયાદો અથવા ચર્ચાઓ સૂચવે છે કે વિવાદાસ્પદ ઉત્પાદનો પર પરવાનગીની મર્યાદા કરતાં વધુ જંતુનાશક ઈથિલિન ઓક્સાઈડની કથિત હાજરીને કારણે પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. શું મસાલા પાકોમાં જંતુનાશકોનો ઉપયોગ વધ્યો છે? શું આ કંપનીઓએ વધુ ઉત્પાદન કે નફા માટે ગુણવત્તા સાથે સમાધાન કર્યું છે? દેખીતી રીતે, કંપનીઓ પાસે વધુ માહિતી હશે, તેથી તેઓએ તેમનો જવાબ દાખલ કરવો પડશે અને તે જવાબ પણ સાર્વજનિક કરવો જોઈએ, જેથી તમામ મસાલા ઉત્પાદકો ભવિષ્યમાં સાવચેતી રાખી શકે. વધુ સત્તાવાર માહિતી સિંગાપોર અને હોંગકોંગથી ઉપલબ્ધ થશે. સરકારે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે કોઈપણ ભારતીય કંપની અથવા તેની પ્રોડક્ટને બિનજરૂરી રીતે નિશાન બનાવવામાં ન આવે. એવું જોવામાં આવી રહ્યું છે કે જેમ-જેમ દુનિયામાં ભારતીય ઉત્પાદનોની માંગ વધી રહી છે, તેમ-તેમ તેમની સામેની ફરિયાદો પણ વધી રહી છે. ધ્યાનમાં રાખો, જ્યારે વિશ્વ ભારતને દવા ઉત્પાદક દેશ તરીકે જાણવાનું શરૂ કર્યું, ત્યારે કેટલાક દેશોમાં ઘણી દવાઓને દોષિત ઠેરવવામાં આવી હતી. તે પણ સ્વાભાવિક છે કે ભારતીય ઉત્પાદનોને તેમના પગને જાળવી રાખવા માટે વધુ મહેનત કરવી પડશે. આપણે એ નોંધવું જોઈએ કે સામાન્ય રીતે ચાઈનીઝ ઉત્પાદનોની ગુણવત્તાને હલકી કક્ષાની ગણવામાં આવે છે, પરંતુ ચીન વિશ્વની મોટાભાગની વસ્તુઓનું ઉત્પાદન કરે છે. મતલબ, ફરિયાદો દરેક વ્યવસાયનું એક પાસું છે, તેની ઉપયોગિતા જાળવવા તેનો ઉકેલ લાવવો પડશે. આ દુઃખી કે નિરાશ થવાનો સમય નથી, પરંતુ તમારી ખામીઓમાંથી શીખીને આગળ વધવાનો સમય છે. પ્રશ્ન એ છે કે શું મસાલાને ઈથિલિન ઓક્સાઈડ અથવા અન્ય હાનિકારક રસાયણોથી સુરક્ષિત કરી શકાય છે? અનેક કૃષિ પેદાશોમાં બિનજરૂરી તત્વો જોવા મળી રહ્યા છે. કંપનીઓ પોતે જ ખાતર અને જંતુનાશકોના ઉપયોગને પ્રોત્સાહન આપી રહી છે. તેથી, હવે સમય આવી ગયો છે જ્યારે ભારતમાં વેચાતા તમામ ઉત્પાદનોની ગુણવત્તા સુનિશ્ચિત કરવી જોઈએ. કોઈપણ વસ્તુના અભાવે અથવા વ્યવસાયના નામે ગુણવત્તા સાથે બાંધછોડ ન કરવી જોઈએ. ભેળસેળ પણ બિલકુલ સ્વીકારવી જોઈએ નહીં. ખાદ્ય ચીજોના આવશ્યક ધોરણોની પુનઃવ્યાખ્યા હવે વધુ જરૂરી બની ગઈ છે, જેથી ભારત વધુ વિશ્વસનીય ઉત્પાદક દેશ તરીકે તેની ઓળખ જાળવી રાખે.

# એમસીએક્સ પર કિંમતી ધાતુઓમાં નરમાઈની આગેકૂચ : સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૪૭ અને ચાંદીમાં રૂ.૩૬૩નો વધુ ઘટાડો

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૬,૦૫૬.૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯,૨૨૯.૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૬૮૦૧.૯૨ કરોડનો હતો.




કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦,૯૮૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૧૯૦ અને નીચામાં રૂ.૭૦,૭૩૦ના મથાળે અથડાઈ, રૂ.૨૪૭ ઘટી રૂ.૭૦,૭૮૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૪૮ વધી રૂ.૫૮,૪૨૦ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૭૭ ઘટી રૂ.૬,૯૯૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૦ ઘટી રૂ.૭૧,૪૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૮૦,૭૫૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮૧,૦૫૫ અને નીચામાં રૂ.૮૦,૨૬૭ના મથાળે અથડાઈ, રૂ.૩૬૩ ઘટી રૂ.૮૦,૩૧૫ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩૧૫ ઘટી રૂ.૮૦,૦૩૦ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩૭૪ ઘટી રૂ.૭૯,૯૮૩ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ એપ્રિલ વાયદો રૂ.૮૪૨.૮૦ના ભાવે ખૂલી, રૂ.૫.૭૫ વધી રૂ.૮૪૩.૩૫ જ્યારે એલ્યુમિનિયમ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧.૫૦ ઘટી રૂ.૨૩૯.૫૫ તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧.૯૫ ઘટી રૂ.૧૮૯ના ભાવ થયા હતા. જસત એપ્રિલ કોન્ટ્રેક્ટ કોઈ ફેરફાર વગર રૂ.૨૪૮ના ભાવ સ્થિર હતો. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૫૦ વધી રૂ.૨૪૨ સીસુ-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨.૩૫ ઘટી રૂ.૧૮૯ જસત-મિની એપ્રિલ વાયદો રૂ.૦.૦૫ ઘટી રૂ.૨૪૭.૩૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૯૪૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૯૭૯ અને નીચામાં રૂ.૬,૮૯૭ના મથાળે અથડાઈ, રૂ.૨૬ ઘટી રૂ.૬,૯૦૨ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૨૩ ઘટી રૂ.૬,૯૦૨ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫૦ના ભાવે ખૂલી, રૂ.૧.૨૦ વધી રૂ.૧૫૦.૩૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૧.૪ વધી ૧૫૦.૫ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કોટન ખાંડી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૮,૫૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૭૮૦ અને નીચામાં રૂ.૫૮,૫૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૦૦ વધી રૂ.૫૮,૭૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩૬.૮૦ વધી રૂ.૯૩૧.૯૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૭૦૩.૫૭ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૭૮૭.૫૬ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૩૭૧.૧૭ કરોડનાં ૧૨,૩૦૦ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૯૩૯.૮૪ કરોડનાં ૫૯,૩૨૧ લોટ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૨૫૬.૯૨ કરોડનાં ૩,૨૯૧ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૯૨.૬૮ કરોડનાં ૧,૬૧૫ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૬૬૫.૬૩ કરોડનાં ૩,૧૪૫ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૯૦.૬૬ કરોડનાં ૫,૮૪૦ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૩.૬૬ કરોડનાં ૧૩ લોટ મેન્થા તેલ વાયદામાં રૂ.૧૭.૮૨ કરોડનાં ૫૪૦ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૪.૯૮ કરોડનાં ૨૭૮ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૯૦ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ એપ્રિલ વાયદો ૧૮,૦૦૩ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૮,૦૩૧ અને નીચામાં ૧૭,૯૧૬ બોલાઈ, ૧૧૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૨ પોઈન્ટ ઘટી ૧૭,૯૩૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૨૬૮૦૧.૯૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૬૦.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮૦ અને નીચામાં રૂ.૧૪૬.૭૦ના મથાળે અથડાઈ, રૂ.૬.૨૦ ઘટી રૂ.૧૫૧ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૪૫ ખૂલી, ઉપરમાં રૂ.૯.૮૫ અને નીચામાં રૂ.૮.૪૫ રહી, અંતે રૂ.૦.૯૦ વધી રૂ.૮.૭૦ થયો હતો.

સોનું મે રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૨૬.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૫૨ અને નીચામાં રૂ.૬૨૨.૫૦ના મથાળે અથડાઈ, રૂ.૭૫.૫૦ ઘટી રૂ.૬૪૩ થયો હતો, જ્યારે સોનું-મિની એપ્રિલ રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૩૦ અને નીચામાં રૂ.૨ રહી, અંતે રૂ.૯ ઘટી રૂ.૬ થયો હતો. ચાંદી એપ્રિલ રૂ.૮૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬૧.૦૦ના ભાવે ખૂલી, રૂ.૯૬ ઘટી રૂ.૬ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૮૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૩,૯૬૭.૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૫૫.૫૦ ઘટી રૂ.૩,૬૩૦ થયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૬,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૫.૦૫ વધી રૂ.૩૪૯.૯૦ નેચરલ ગેસ-મિની મે રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૦ વધી રૂ.૯.૧૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૬,૯૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૬૮.૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૩.૫૦ અને નીચામાં રૂ.૧૫૬.૯૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨.૩૦ વધી રૂ.૧૮૮ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૨.૯૫ અને નીચામાં રૂ.૨.૪૦ રહી, અંતે રૂ.૦.૪૫ ઘટી રૂ.૨.૫૦ થયો હતો.

સોનું મે રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૩૯.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૪૮ અને નીચામાં રૂ.૫૮૯ના મથાળે અથડાઈ, રૂ.૯૯ વધી રૂ.૭૪૩.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦ ખૂલી, ઉપરમાં રૂ.૩૦ અને નીચામાં રૂ.૧ રહી, અંતે રૂ.૫ ઘટી રૂ.૮ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૮૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૨૧.૦૦ના ભાવે ખૂલી, રૂ.૩૮.૫૦ ઘટી રૂ.૧૮૨.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૮૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૯૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૯૨.૫૦ વધી રૂ.૧,૬૫૦ થયો હતો.

ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૬,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલ દીઠ રૂ.૪૯.૩૫ વધી રૂ.૨૯૮.૭૦ થયો હતો.

# રાજકોટ લોકસભા બેઠક પર ભાજપ સામે અનેક પડકારો, છતાં ભાજપનું પલડું ભારે

રાજકોટ,તા.૨૪

રાજકોટ લોકસભા બેઠક,આમ તો આ બેઠક ભાજપનો ગઢ માનવામાં આવે છે, પરંતુ આ વખતે સ્થિતિ કંઈક અલગ છે. રાજકોટ લોકસભા બેઠકમાં જે રાજકીય સ્થિતિઓ એક પછી એક જોવા મળી તેના પરથી ભાજપ માટે અહીં જીત થોડી મુશ્કેલ થતી જોવા મળી છે. ભાજપ સામે પડકારો અનેક છે અને તેની વચ્ચે ડેમેજ કન્ટ્રોલ કરવું ભાજપ માટે જરૂરી બન્યું છે. રાજકીય નિષ્ણાંતો માની રહ્યા છે આ સીટ પર ભાજપનું પલડું ભારે છે, કોંગ્રેસ ૨૦૦૯નું પુનરાવર્તન કરવા મથી રહી છે.

**ભાજપનો ગઢ છતા ભાજપ સામે અનેક પડકાર**

રાજકોટ લોકસભા બેઠક. આમ આ બેઠક ભાજપનો ગઢ માનવામાં આવે છે. પરશોત્તમ રૂપાલા ઉમેદવાર જાહેર થયા બાદ આ સીટ પર કોંગ્રેસ કોને મેદાને ઉતારશે તે મોટો સવાલ હતો અને ભાજપ મજબૂત સ્થિતિમાં જોવા મળી રહ્યું હતું, પરંતુ પરશોત્તમ રૂપાલાએ કરેલી ટિપ્પણી બાદ સ્થિતિ બદલાઈ,સુષ્ક હાલતમાં રહેલી કોંગ્રેસમાં પણ નવા પ્રાણ ફુંકાયા છે.

**કોંગ્રેસે પરેશ ધાનાણીનું નામ જાહેર કરતા સ્થિતિ બદલાઇ**

આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે પરેશ ધાનાણીનું નામ જાહેર થતા રાજકીય સ્થિતિ બદલતી જોવા મળી રહી છે.આ સીટ પર ભાજપનું પલડું ભારે છે, પરંતુ આ બધાની વચ્ચે ભાજપને કેટલાક પડકારો પણ છે જે માટે ભાજપના નેતાઓ કમર કસી રહ્યા છે.

**ક્ષત્રિય આંદોલન**

પરશોત્તમ રુપાલાએ કરેલી ટિપ્પણી બાદ રાજ્યભરમાં ક્ષત્રિય સમાજે ભાજપનો વિરોધ કરવા અંગે રણશીંગુ ફુકી દીધું છે.રાજકોટ બેઠક આ ક્ષત્રિય આંદોલનનું એપી સેન્ટર બન્યું છે તેવા સંજોગોમાં અહીં ભાજપને ડેમેજ કન્ટ્રોલ કરવું થોડું મુશ્કેલ બની શકે છે.ક્ષત્રિય સમાજે રાજકોટમાં રાજકીય પાર્ટીની જેમ જ કાર્યાલય ખોલીને વોર્ડ વાઈઝ ટીમ બનાવી છે જે ભાજપને મત ન મળે તે માટે પ્રયત્ન કરશે. એક અંદાજ પ્રમાણે રાજકોટ લોકસભા બેઠકમાં ૧ લાખ ૪૫ હજાર જેટલા ક્ષત્રિય મતદારો છે.અત્યાર સુધી આ ભાજપની વોટબેંક હતી પરંતુ આંદોલન અને તેની અસરને કારણે ભાજપને આ વોટબેંક નુકસાન પહોંચાડી શકે છે.

**લેઉવા પાટીદાર ઉમેદવાર**

કોંગ્રેસે આ સીટ પર રાજકીય દાવ ફેંક્યો છે.પરંપરાગત જ્ઞાતિને ટિકીટ આપવાને બદલે ભાજપના કડવા પાટીદાર ઉમેદવારની સામે લેઉવા પાટીદારમાંથી આવતા પરેશ ધાનાણીને ટિકીટ આપી છે.આ સીટ પર વર્ષો સુધી લેઉવા પાટીદાર ઉમેદવારની જીત થતી હતી પરંતુ છેલ્લી બે ટર્મથી આ સીટ પર કડવા પાટીદાર ઉમેદવાર વિજેતા બની રહ્યા છે.

**૩.૫૦ લાખ પાટીદારો લેઉવા પટેલ છે**

જો સીટમાં મતદારોની વાત કરીએ તો આ સીટ પર ૫ લાખ પાટીદારો પૈકી ૩.૫૦ લાખ પાટીદારો લેઉવા પટેલ છે જ્યારે ૧.૫૦ લાખ પાટીદારો કડવા પટેલ છે.આવા સંજોગોમાં જો લેઉવા પાટીદાર ભાજપથી વિમુખ થાય તો ભાજપને નુકસાન પહોંચાડી શકે છે.

**ભાજપમાં આંતરિક જુથબંધી**

રાજકોટ ભાજપમાં આંતરિક જુથવાદ એ કોઈ નવી વાત નથી.જો કે પરશોત્તમ રુપાલાના આવવાને કારણે આ જુથવાદ સમી ગયો તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા પરંતુ વાસ્તવિકતા અલગ છે.એક સમાચાર પ્રમાણે ક્ષત્રિય સમાજના આંદોલનને વેગ આપવામાં ભાજપના જ કેટલાક લોકોની ભૂમિકાની ચર્ચાઓ થઈ રહી છે,વળી સ્થાનિક નેતાઓ આ વિરોધને ડામવામાં સદંતર નિષ્ફળ રહ્યા છે.આ કારણે આ સીટ પર ભાજપ માટે વધુ કપરી સ્થિતિ ઉભી થઈ છે. પરશોત્તમ રૂપાલા મૂળ અમરેલીના રહેવાસી છે. તેઓ રાજકીય રીતે દિગ્ગજ નેતા છે પરંતુ રાજકોટના લોકલ કનેકશન અને ચૂંટણીની રણનિતીથી તેઓ એટલા માહિતગાર ન હોય તે સ્વાભાવિક છે, ત્યારે સ્થાનિક નેતાઓના નિરુત્સાહ ભાજપને નુકસાન પહોંચાડી શકે છે.

**આંદોલનથી થઇ શકે છે રાજકીય નુકસાન**

સામાજિક આંદોલનથી રાજકીય નુકસાન સ્વભાવિક જોવા મળતું હોય છે.પાટીદાર અનામત આંદોલનના કારણે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અને ત્યારબાદ વર્ષ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને મોટું નુકસાન થયું હતું. જો કે ત્યારબાદ રાજકીય પરિસ્થિતિઓ બદલાઈ અને ભાજપ પાટીદાર સમાજને પોતાના તરફ આકર્ષવામાં સફળ રહ્યું.જો ક્ષત્રિય સમાજની માગને લઈને હવે ભાજપ માટે ચિંતા જરૂર ઉભી થઈ છે. ક્ષત્રિય સમાજની બહુમતી ધરાવતી ૮ લોકસભાની બેઠકો છે. જેમાં ક્ષત્રિય સમાજની વસ્તી વધારે છે, પરંતુ તેઓ નિર્ણયક ભુમિકામાં નથી.

**શું થયું હતું ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં ?**

ભાજપ સામે અનેક પડકારો છે અને તેના કારણે જ કોંગ્રેસ વર્ષ ૨૦૦૯નું પુનરાવર્તન થાય તેવી રણનિતી બનાવી રહ્યું છે. વર્ષ ૨૦૦૯માં ભાજપે કિરણ પટેલને ટિકિટ આપી હતી. જેઓ રાજકોટના શિક્ષણવિદ હતા. જો કે આ ટિકિટને લઈને ભાજપના સ્થાનિક નેતાઓમાં નારાજગી હતી. જેના કારણે ભાજપના નેતાઓ આ ચૂંટણીમાં નિરુત્સાહી રહ્યા. વળી ખોડલધામના પ્રમુખ નરેશ પટેલ કોંગ્રેસના તે સમયના ઉમેદવાર કુંવરજી બાવળિયાના ખુલ્લા સમર્થનમાં આવ્યા હતા, જેના કારણે ભાજપે આ સીટ ગુમાવવાનો વારો આવ્યો હતો.

**શું કહે છે રાજકીય નિષ્ણાંતો ?**

જો કે રાજકીય વિશ્લેષકો આ સીટ પર ભાજપનું પલડું ભારે હોવાનું માની રહ્યા છે.રાજકીય વિશ્લેષક જગદિશ મહેતાના કહેવા પ્રમાણે રાજકોટમાં ૨૨ લાખ મતદારો છે જેમાંથી ક્ષત્રિય,લઘુમતી,દલિત સમાજ અને લેઉવા પાટીદારના ૫૦ ટકા મત અને કડવા પાટીદારના મત કોંગ્રેસને મળે તો પણ જીત અઘરી છે.રાજકોટમાં નાના-નાના સમાજના ૫ લાખથી વધારે અને કોળી સમાજના પાટીદારો જેટલા મત છે જેના કારણે ભાજપને ફાયદો થશે.જરૂરથી ૫ લાખનો ભાજપનો જે ટાર્ગેટ છે તે કદાચ હવે પુરો નહિ થાય

**ભાજપ ડેમેજ કન્ટ્રોલ કરી શકશે ?**

સાવ સહેલાઈથી અને જંગી લીડથી જીત માટે માનવામાં આવતી રાજકોટ લોકસભા બેઠક પર અનેક વિવાદો અને આંતરિક જુથબંધીને કારણે ભાજપની કસરત વધી ગઈ છે.આમ તો ભાજપ શિસ્તબદ્ધ પાર્ટી છે જેથી કાર્યકર્તાઓને શિસ્તમાં અને શાનમાં સમજાવી પણ શકે છે અને ડેમેજ કન્ટ્રોલમાં માહિર હોવાને કારણે ચૂંટણીલક્ષી રણનિતી બનાવી પણ શકે છે અને જીત માટે મહત્તમ પ્રયત્ન કરે છે.તેવા સંજોગોમાં રાજકીય આફતને પોતાની જીતના અવસરમાં ફેરવવા માટે ભાજપ એડીચોટીનું જોર લગાવશે તેવું પણ રાજકીય નિષ્ણાંતો માની રહ્યા છે.

# જુઓ ઊંટ કઈ બાજુ બેસે છે

**હું બોલું તો તમે બોલશો કે બોલે છે**

**સંજય શ્રીવાસ્તવ**
**(મો) ૭૦૦૦૫ ૮૬૬૫૨**



૧૯મી એપ્રિલથી શરૂ થયેલી લોકસભાની ચૂંટણીમાં મધ્યપ્રદેશના છિંદવાડામાં મતોની ટકાવારી એવરેજ રહી હતી આનો અર્થ એ છે કે હજુ પણ કહેવું મુશ્કેલ છે કે જ્યારે મતોની ટકાવારી વધારે છે, તેનો અર્થ એ થાય છે કે ત્યાંના મતદારો પરિવર્તન માટે મતદાન કરી રહ્યા છે અને જો એમ હોય તો મધ્યપ્રદેશમાં નકુલનાથ માટે મુશ્કેલી ઊભી થઈ શકે છે. માત્ર ને માત્ર આ એક એવી સીટ છે કે જેના પર કોંગ્રેસને વિશ્વાસ છે, પરંતુ લાગે છે કે મોદી લહેરમાં આ સીટ પણ કોંગ્રેસના હાથમાંથી જતી રહેવાની છે, આ માત્ર અનુમાન છે, બાકીની વાત ૪ જૂને ખબર પડશે બિહારના મતદારો ખૂબ જ ઉદાસીન છે અને તેઓ વર્તમાન પરિસ્થિતિને જાળવી રાખવા માંગે છે કારણ કે આટલી ઓછી ટકાવારી એ જ દર્શાવે છે કે મતદાન પ્રક્રિયામાં હજુ ઘણો લાંબો રસ્તો જોવાનો બાકી છે. વિપક્ષી પાર્ટીઓની ચિંતા ચેનલના મતદાન કેન્દ્રની બહાર આવતા લોકો સાથે વાત કરીએ તો સ્પષ્ટ થાય છે કે સામાન્ય જનતા મોદી સરકારને જ વોટ આપી રહી છે દેશ કે વિપક્ષી પાર્ટીઓ પણ પોતપોતાના મંતવ્યો વ્યક્ત કરવાને બદલે ભાજપની સીટોનો અંદાજ કાઢવામાં વ્યસ્ત છે. વાસ્તવમાં વિપક્ષી પાર્ટીઓએ પોતાનો રોડ મેપ જનતા સમક્ષ રજૂ કરવો જોઈતો હતો, પરંતુ તમામ વિપક્ષી પાર્ટીઓએ પોતાનો અલગ-અલગ ઢંઢેરો જાહેર કરીને સાબિત કરી દીધું છે કે તેમની વચ્ચે કોઈ પરસ્પર એકતા નથી જ્યારે તમે તમારા ગઠબંધનનો દાવો કરો છો પરંતુ તમારી પાસે કોઈ લઘુત્તમ ગેરંટી નથી એવી કોઈ યોજના નથી કે જે તમે જનતાની સામે લઈ શકો, તો આવી સ્થિતિમાં વિપક્ષો એકસાથે કોઈ ચૂંટણી સભા કે રેલી કાઢવામાં નિષ્ફળ રહ્યા છે દરેક જગ્યાએ ભાજપનો દબદબો દેખાતો નથી, આજે તમારે જનતાની વચ્ચે જવું પડશે અને તમે ચૂંટણી નહીં જીતી શકો, તમે કરી શકો છો, બલ્કે તમારે જનતાને વિશ્વાસ અપાવવો પડશે કે તમે વર્તમાન સરકાર કરતાં વધુ સારી રીતે કામ કરી શકો છો તેમના પોતાના ડ્રમ અને તેમની પોતાની ધૂન માત્ર ઉત્તર પ્રદેશમાં, મમતા બેનર્જી બંગાળમાં, ઉદ્ધવ ઠાકરે મહારાષ્ટ્રમાં સીમિત છે કોંગ્રેસ તમામ રાજ્યોમાં એક જેવી જ સ્થિતિ છે બીજેપીની સ્પર્ધામાં દક્ષિણ ભારતમાં ભાજપની સ્થિતિ ચોક્કસપણે સારી છે પરંતુ તેને કેટલી બેઠકો મળશે તે કહેવું મુશ્કેલ છે અને તે સિવાય માત્ર દક્ષિણ ભારતમાંથી જ ભાજપને આશાનું કિરણ દેખાય છે આ, સમગ્ર દેશમાં ભાજપની લહેર વિશે કોઈ શંકા ન હોવી જોઈએ કે આ ચૂંટણીમાં મુસ્લિમોના મતોનું ધ્રુવીકરણ જબરદસ્ત થવાનું છે કારણ કે તેઓ સમાન નાગરિક સંહિતા લાગુ કરવાના અને રોકવાના ભાજપના ઢંઢેરાથી ડરી રહ્યા છે. આ, તેઓ ભાજપની વિરુદ્ધ મતદાન કરવા જઈ રહ્યા છે અને જ્યાં મુસ્લિમોની બહુમતી છે ત્યાં ભાજપનો કોઈ ઉમેદવાર જીતી શકશે નહીં, પરંતુ બીજી તરફ હિન્દુઓનું ધ્રુવીકરણ પણ નિશ્ચિત છે અને તેનો સીધો ફાયદો ભાજપને મળશે. હજુ પણ દલિતો અને મુસ્લિમોના મત માત્ર વિરોધ પક્ષોને જ મળશે જેઓ માત્ર કોંગ્રેસને જ મત આપે છે. કેટલીક જગ્યાએ ભાજપ માટે ૪૦૦ બેઠકો તો નહીં જ મળે, પરંતુ આનાથી કાર્યકર્તાઓનું મનોબળ વધી શકે છે તે અત્યારે કહેવું મુશ્કેલ છે આ વખતે ભાજપની સરકાર બનશે તે નક્કી છે અને તેના કારણે હિન્દુઓમાં ભાજપ પ્રત્યે નરમ કોર્નર છે અને તેની અસર દક્ષિણ ભારતમાં પણ જોવા મળી રહી છે દક્ષિણ ભારતમાં સ્થિતિ અલગ છે, ત્યાં ધાર્મિક ગતિવિધિઓ કરવી થોડી મુશ્કેલ છે, જો કે, બીજેપી ત્યાં ચોક્કસપણે પગ ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ કર્ણાટકને છોડીને બાકીની જગ્યાઓ હજુ પણ મુશ્કેલ છે ધીમે-ધીમે તેના મૂળને મજબૂત કરવા માટે મહારાષ્ટ્ર અને બંગાળમાં જો ઉદ્ધવ ઠાકરેની હાર થશે તો આવનારા સમયમાં ઠાકરે પરિવારના વડા તરીકે રાજકીય મૃત્યુનો સામનો કરવો પડશે. મહારાષ્ટ્રની શિવસેનામાં બાળા સાહેબ ઠાકરે જેવો પ્રભાવશાળી વ્યક્તિત્વ નથી, પરંતુ બિન-મરાઠી લોકો પ્રત્યે બેજવાબદાર વર્તન કરીને તેઓ તેમની વિશ્વસનીયતા ખતમ કરી શકતા નથી નફરતના આધારે રાજનીતિમાં સફળતા હાંસલ કરી શકાય છે, પરંતુ તેનો લાંબા ગાળાનો ફાયદો નથી આખા મહારાષ્ટ્રમાં તો ઉદ્ધવ ઠાકરેએ ભાજપનો સાથ છોડી દીધો છે અને ન તો શરદ પવારને સૌથી વધુ ચાલાકી આપી છે પવાર સરકારમાં સામેલ થયા જેથી તેઓ આડકતરી રીતે સત્તામાં તેમના પરિવારનો હિસ્સો જાળવી શકે શરદ પવાર જાણતા હતા કે હવે તેમની વૃદ્ધાવસ્થામાં તેમના માટે સત્તામાં સક્રિય રહેવું શક્ય નથી, તેથી તેમણે તેમના ભત્રીજાને સત્તામાં ભાગીદાર બનાવ્યા. બીજી તરફ, તેમણે પોતાના માટે એક વિકલ્પ પણ ખુલ્લો રાખ્યો હતો કે જેથી કરીને તેઓ ભવિષ્યમાં તેમની પુત્રી અને ભત્રીજા માટે રાજકીય માર્ગે જે કંઈ થવાનું હતું તે ખુશીથી જીવંત આપી દીધું.એવું કહેવાય છે કે આપણે રાજાશાહીમાંથી બહાર આવ્યા છીએ પરંતુ વાસ્તવિકતામાં એવું નથી, આજે દરેક રાજકીય પક્ષના નેતા પોતાના પુત્ર કે પુત્રીને ચૂંટણીમાં ટિકિટ આપવામાં વ્યસ્ત છે કેટલીક જગ્યાએ પતિને બદલે પત્નીને ટિકિટ મળે છે, તો કેટલીક જગ્યાએ માતાને બદલે દીકરીને પણ ટિકિટ મળે છે લોકશાહીની અગાઉ પણ સ્થિતિ એવી જ છે. પદ્ધતિ ભલે બદલાઈ ગઈ હોય, પરંતુ સામાન્ય જનતા માત્ર મૂક પ્રેક્ષક જ હોય છે, તેથી જ્યારે જનતા ચૂંટણીમાં પોતાની જ્ઞાતિની તરફેણમાં મત આપે છે, ત્યારે તે આડકતરી રીતે તેની ગુલામીનું ભાવિ ચોક્કસ લખે છે સત્તામાં રહેલા લોકો જ આનંદ માણી રહ્યા છે, એક તરફ સરકારી કર્મચારીઓનું પેન્શન બંધ કરી દેવામાં આવ્યું છે, પરંતુ સાંસદો અને ધારાસભ્યોને બે દિવસનું પેન્શન મળે છે તો પણ તેને આજીવન મળે છે. પેન્શન પર સંસદમાં કોઈ ચર્ચા થતી નથી તમારી પાસે લોકસભા અને રાજ્યસભામાં બહુમતી હોય તો કોઈ પણ કાયદો પસાર થઈ જાય છે અને સામાન્ય જનતા તેમને જોતી જ રહે છે, ખરેખર, કાયદા બનાવવા માટે થોડા લોકો પૂરતા છે , એ જ રીતે માત્ર થોડા કેબિનેટ મંત્રીઓ પણ સરકાર ચલાવી શકે છે અને તેથી આટલા મોટા પાયે ચૂંટણી કરાવવાને બદલે સંસદમાં બહુ ઓછા લોકો માટે ચૂંટણી યોજવી જોઈએ જેઓ વિધાનસભામાં ઉપયોગી છે અને બાકીની બેઠકો ભરવા માટે જ છે અને આખા દેશ માટે માત્ર પચાસ-સો સાંસદો જ પર્યાપ્ત છે જેઓ દરેક રીતે વધુ સારા છે તે કહેવું મુશ્કેલ છે કારણ કે અત્યારે તે સંખ્યા વધારવાની વાત ચાલી રહી છે, તે જોવાનું રસપ્રદ રહેશે પાર્ટી જીતશે ચાલો જોઈએ કે ઉંટ કઈ બાજુ બેસે છે.

# પરમાત્માના પ્રેમની બહારનો આનંદ લો : સંત રાજીન્દર સિંહજી મહારાજ

એજન્સી દ્વારા

જ્યારે આપણે પોતાના અંતરમાં પ્રભુ પ્રેમ ના સ્ત્રોત સાથે જોડાઈએ છીએ તો આખી સૃષ્ટિ ને પરમાત્માનું એક પરિવાર માનીને બધાથી પ્રેમ કરીએ છીએ. આ પ્રેમ આપણામાંથી પ્રવાહીત થઈને તે બધાને આનંદ પહોંચાડે છે જેનાથી આપણે મળીએ છીએ. તેઓ પણ આ પ્રેમની શીતળતાનો અહેસાસ કરે છે. જો પ્રત્યેક મનુષ્ય પ્રેમની આ સ્થિતિમાં રહે તો આ સંસાર એક દિવસ પૃથ્વી પરનું સ્વર્ગ બની જશે.''આપણે અંતરમાં પરમાત્મા ના જે પ્રેમથી જોડાય છે તે જ સાચું સૌંદર્ય છે, જે દુનિયા મેં સુંદર બનાવે છે. વસ્તુઓ સ્વયં જ સુંદર નથી પરંતુ પ્રભુના પ્રેમની શક્તિ અને ઊર્જા જ તેમને જાન આપે છે જેનાથી આપણે તે સૌંદર્યને મહેસુસ કરી શકીએ છીએ.''પ્રેમ શું છે? આ ફક્ત પરમાત્માની શક્તિ છે. તેને સમજવા માટે આપણે બલ્બનું ઉદાહરણ લઈ શકીએ છીએ. જેમાં બલ્બ નો બાહ્ય કાચ કે પછી અંદર તારો પ્રકાશ નથી આપતી. પરંતુ તે તારમાં પ્રવાહી થવા વાળી વીજળીની શક્તિ છે જેનાથી બલ્બ સળગે છે. જ્યારે વીજળી નથી હોતી ત્યારે અંધારું રહે છે. જ્યારે આપણે બલ્બના વિશે વિચારીએ છીએ તો તેમની સુંદરતાની વાત કરીએ છીએ



પરંતુ વીજળી વગર તે નિરર્થક છે. તે જ રીતે એક બગીચો પણ ખૂબસૂરત એટલા માટે લાગે છે કેમ કે તેમાં પરમાત્માની જીવન આપવાવાળી શક્તિ ફૂલોમાંથી પ્રગટ થાય છે. પરમાત્મા થી જે પ્રેમ પ્રવાહી થાય છે તે જ આપણને પરમાત્માને શક્તિ જોડે રાખે છે. પ્રભુ નો આજ પ્રેમ આપણી ચેતનતાને વધારે છે જેનાથી આપણે વાતાવરણમાં, બગીચામાં અને પોતાના જીવનમાં સાચા સૌંદર્યને જોઈ શકીએ છીએ.''આપણે પરમાત્માની યાદ માં મગ્ન રહેવા માટે પોતાના જીવનમાં બદલાવ લાવી શકીએ છીએ. તેના માટે આપણે ફક્ત પ્રયાસ કરવાની જરૂરત છે.

તે પ્રયાસ કયો છે? તેમાં ફક્ત પ્રેમ, સમર્પણ અને વિશ્વાસથી આપણે ધ્યાન અભ્યાસમાં સમય આપવાનો છે અને પોતાનું નિરીક્ષણ કરતા જઈને આપણે અહિંસા, સચ્ચાઈ, નમ્રતા, પવિત્રતા અને નિષ્કામ સેવા જેવા ગુણોને પોતાના જીવનમાં ઢાળવાના છે. આ પ્રયાસ છે પરમાત્માને, પોતાના સાથીઓને, બધા લોકોને, પ્રાણીઓને અને નીચા સ્તરના જીવોને પ્રેમ કરવાનો. આ પ્રયાસ છે નિષ્કામ સેવા કરવાનો. બાકી બધું આપણે પરમાત્મા પર છોડી દેવું જોઈએ.''જો આપણે એવું કરીએ છીએ તો આપણને પરમાત્માની અપાર દયા મહેર બક્ષિસના રૂપમાં જરૂર પ્રાપ્ત થાય છે. ત્યારબાદ આપણે એક શાંતિપૂર્ણ જીવન વ્યતીત કરીએ છીએ અને સાથે જ સાથે તે અનુભવ પણ કરીએ છીએ કે પરમાત્મા દરેક સમયે આપણી સંભાળ કરી રહ્યા છે. આપણે તે અવસ્થામાં પોતાની જિંદગી પરમાત્મા ના હાથોમાં સોંપી દઈએ છીએ. પછી આપણી બધી ચિંતા દૂર થઈ જાય છે અને આપણે ફક્ત આરામથી બેસીને પોતાના અંતરમાં પરમાત્માના પ્રેમની બહારનો આનંદ લઈએ છીએ.

Printed, Published and Owned by NARENDRA G. JOSHI and Printed at Bhoomi Offset Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, AHMEDABAD - 380002 and published from H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. Editor- NARENDRA G. JOSHI.

# સેજલ ગ્લાસ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૪માં કુલ આવકમાં ૨૫૩%નો વધારો નોંધાવ્યો

એજન્સી દ્વારા

સેજલ ગ્લાસ લિમિટેડ (NSE: SEJALLTD, BSE: ૫૩૨૯૯૩), એક અગ્રણી આર્કિટેક્ચરલ ગ્લાસ ઉત્પાદકે ચોથા ત્રિમાસિક અને નાણાકીય વર્ષ ૨૪ના ઓડિટેડ નાણાકીય પરિણામોની જાહેરાત કરી.

**મુખ્ય નાણાકીય અંશો (સંકલિત):**

**નાણાકીય વર્ષ ૨૪નું ચોથું ત્રિમાસિક:**

- રૂ.૫૦.૨૨ કરોડની કુલ આવક, ૩૦૯.૯૩%ની વાર્ષિક વૃદ્ધિ
- રૂ.૫.૮૫ કરોડનું **EBITDA**, ૪૯૨.૯૭%ની વાર્ષિક વૃદ્ધિ
- ૧૧.૬૪%નું **EBITDA** માર્જિન, ૩૫૯ બીપીએસની વાર્ષિક વૃદ્ધિ
- કર પહેલાનો નફો રૂ.૦.૫ કરોડ, વાર્ષિક આધારે આ ત્રિમાસિકમાં નુકશાની સરખામણીએ

**નાણાકીય વર્ષ ૨૪:**

- રૂ.૧૬૪.૭૩ કરોડની કુલ આવક, ૨૫૩.૪૭%ની વાર્ષિક વૃદ્ધિ
- રૂ.૨૧.૩૧ કરોડનું **EBITDA**, ૪૫૫.૭૧%ની વાર્ષિક વૃદ્ધિ
- ૧૨.૯૪%નું **EBITDA** માર્જિન, ૪૭૧ બીપીએસની વાર્ષિક વૃદ્ધિ
- કર પહેલાનો નફા રૂ.૩.૧૭ કરોડ, ૩૯૮.૦૧%ની વાર્ષિક વૃદ્ધિ

# નેસ્લે ઇન્ડિયાનો 'બાયોડાયજેસ્ટર પ્રોજેક્ટ' ડેરી ખેડૂતો માટે ટકાઉ ભવિષ્યનો માર્ગ મોકળો કરે છે



એજન્સી દ્વારા

નેસ્લે ઈન્ડિયા 'બાયોડાયજેસ્ટર પ્રોજેક્ટ' સાથે જવાબદારપૂર્ણ પ્રાપ્તિ અને ડેરી ફાર્મમાંથી પેદા થતા સ્ત્રાવમાં ઘટાડો કરવાની પોતાની અડગ પ્રતિબદ્ધતાનું પ્રદર્શન કરી રહી છે. બાયોડાયજેસ્ટર ટેકનોલોજી પશુઓના છાણને ચોખ્ખા બાયોગેસમાં પ્રસ્થાપિત કરે છે, જે ડેરીફાર્મમાંની કાર્બનની હાજરીમાં ઘટાડો કરે છે. શેષ રહેલી સ્લરીનો કુદરતી ખાતર તરીકે ઉપયોગ થાય છે જેના દ્વારા પુનઃઉપાર્જિત કૃષિ પ્રેક્ટીસમાં યોગદાન આપે છે. આ પહેલના ભાગરૂપે નેસ્લે ઈન્ડિયાએ લગભગ૭૦ મોટા બાયોડાયજેસ્ટર અને ૩,૦૦૦ નાના બાયોડાયજેસ્ટર્સ પંજાબ અને હરિયાણાના ૨૪ જિલ્લાઓમાં સ્થાપવાની પ્રક્રિયા હાથ ધરી છે.નાના ડેરી ફાર્મ કે જ્યાં પશુઓના છાણને ખુલ્લા મુકી દેવામાં આવે છે તેપ્ઊૅર સ્ત્રાવના અગત્યના સ્ત્રોત તરીકે ઉભરી આવ્યા છે. એક વખત બાયોડાયજેસ્ટરમાં મુકવામાં તે પછી છાણનું માઈક્રોબાયલ બ્રેકડાઉન થાય છે અને બાયોગેસ ઉત્પન્ન કરે છે. નાના બાયોડાયજેસ્ટર બાયોગેસ ઉત્પન્ન કરી શકે છે જે એલપીજી અને લાકડાના ઈંધણનું સ્થાન લઈ શકે છે, જે સ્વાસ્થ્ય સંબંધિત ધૂમાડાના જોખમોને ઘટાડે છે ત્વરીત નાણાંકીય લાભો આપે છે. આ લાભો ઉપરાંત મોટા બાયોડાયજેસ્ટર્સ વીજળી પણ ઉત્પન્ન કરવા સક્ષમ છે જે ૧૦૦% પુનઃપ્રાપ્ય છે, આમ પર્યાવરણ પર સકારાત્મક રીતે અસર કરે છે. બાયોડાયજેસ્ટર્સમાં રહેલા શેષ છાણને જૈવિક ખાતરમાં રૂપાંતરીત કરવામાં આવે છે જેનો વપરાશ ખેતરોમાં અને કિચન ગાર્ડનમાં થાય છે. આ પહેલ અંગે ટિપ્પણી કરતાનેસ્લે ઈન્ડિયાના કોર્પોરેટ અફેર્સ અને સસ્ટેનેબિલીટીના ડિરેક્ટર શ્રી સંજય ખજુરીયાએ જણાવ્યું હતુ કે, ''નેસ્લે ઈન્ડિયાનો બાયોડાયજેસ્ટર પ્રોજેક્ટ ટકાઉતા, સ્ત્રોતોની ઈષ્ટતમતા અને પુનઃઉપાર્જિત કૃષિ પર ભારતની વ્યૂહાત્મક અગ્રિમતા અમારા પ્રયત્નો કેવી રીતે તાલ મિલાવે છે તેનું ઉદાહરણ છે.

બાયોડાયજેસ્ટર્સમાંથી ઉત્પાદિત બાયોગેસ અશ્મિભૂત ઈંધણ પરની ખેડૂતોની નિર્ભરતા ઘટાડે છે જ્યારે જૈવિક ખાતરો તેમની રાસાયણિક ખાતરો પરની નિર્ભરતામાં પણ ઘટાડો કરે છે.

આમ આ રીતે થતી બચત ખેડૂતોને ખેતરમાં અને તેમની સુખાકારીની દ્રષ્ટિએ રોકાણ કરવામાં મદદ કરે છે.''

# કાર્ટૂન કોર્નર




# વાડીલાલ દ્વારા નવી બોલકણી સમર કેમ્પેઈન રજૂ, જ્યાં જોય, ફલેવર અને વાહ અવસરો એકત્ર આવે છે



એજન્સી દ્વારા

ભારતની અગ્રણી આઈસક્રીમ બ્રાન્ડ વાડીલાલ એન્ટરપ્રાઈઝ લિમિટેડ દ્વારા તેની નવી સમર કેમ્પેઈન રજૂ કર્યાની ઘોષણા કરવામાં આવી છે, જે દરેક ઉજવણીને તેની મહત્તમ સંભાવનાએ નવી ઊંચાઈએ લઈ જવા માટે સુસજ્જ છે. ઉજવણી અને વાડીલાલના મહત્વને દર્શાવતી ત્રણ ફિલ્મની શ્રેણી રજૂ કરીને બ્રાન્ડ અજોડ રીતે હર મોમેન્ટ કો બનાયે કમાલ! વાહ વાડીલાલ! દર્શાવે છે.

કેમ્પેઈન વાહની મધ્યવર્તી ખૂબી ફરતે વીંટળાયેલી છે, જે વાડીલાલ આઈસક્રીમ્સ ખાતી વખતે ગ્રાહકો દ્વારા અનુભવવામાં આવતી બેસુમાર ખુશીનું દ્યોતક છે. વાડીલાલ ત્રણ મજેદાર ફિલ્મ થકી ઉજવણીની ખૂબીને મઢી લે છે, જે દરેક જીવનની સિદ્ધિઓના અવસરો ત્યાં સુધી ધ્યાનમાં આવતા નથી જ્યાં સુધી વાડીલાલ આઈસક્રીમ તેને હૃદયસ્પર્શી નહીં બનાવે એવું દર્શાવે છે. હોસ્પિટલમાં નવા જન્મતા બાળકના આગમનથી લઈને ભારતમાં લાંબા સમયથી ગુમ પુત્ર સાથે પુનઃમિલન સુધી અને ન્યૂઝરૂમમાં ચંદ્રયાનના ઉતરાણના ગ્રાઉન્ડબ્રેકિંગ સમાચાર સુધી વાડીલાલની હાજરી ઉજવણીને વધુ મજેદાર બનાવતાં આ અવસરોને નવી ઊંચાઈએ લઈ જાય છે. ફિલ્મ મધ્યવર્તી થીમોના પડઘા સહજ રીતે પાડીને વાડીલાલની ખૂબીનો સંદેશ આપે છે, જ્યાં મુખ્ય પાત્ર વાડીલાલ આઈસક્રીમ પીરસ્યા પછી જ સમાચાર સામે સંપૂર્ણ પ્રતિક્રિયા આપે છે.

જે આઈસક્રીમ સાથે ખુશીનો સહયોગ મુખ્ય ઘટક હોવા પર ભાર આપે છે. એક પખવાડિયામાં ત્રણમાંથી બે કેમ્પેઈન ફિલ્મ પડદા પર આવી છે, જેણે ઉત્તમ અને સૂચક સંદેશ સાથે દર્શકોનું ધ્યાન ખેંચ્યું છે. આમ છતાં આગામી સપ્તાહમાં ત્રીજી ફિલ્મ રિલીઝ થવા જઈ રહી છે તે પૂર્વે જ ઉત્સુકતા ચરમસીમાએ છે, જે ગ્રાહકો માટે ઉચ્ચ મનોરંજન અને સહભાગનું વચન આપે છે.


# એક વર્ષમાં ટીવી એક્ટ્રેસ દલજીત કૌરનાં બીજાં લગ્ન પણ તૂટ્યાં

એજન્સી દ્વારા

મુંબઈ, તા.૨૪

ટીવી એક્ટ્રેસ દલજીત કૌર પોતાના અંગત જીવનને લઈને ઘણા સમયથી ચર્ચામાં છે. અહેવાલો અનુસાર, અભિનેત્રી તેના બીજા પતિ નિખિલ પટેલથી અલગ થઈ ગઈ છે. દલજીતે ગયા વર્ષે જ કૈંઈ બિઝનેસમેન નિખિલ પટેલ સાથે લગ્ન કર્યા હતા. પરંતુ લગ્નના એક વર્ષ પહેલા જ તેમના સંબંધોમાં તણાવ આવી ગયો હતો. આવી સ્થિતિમાં બંનેએ અલગ થવાનો નિર્ણય લીધો છે. દલજીત અને નિખિલે ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો પણ કરી દીધા છે. સાથે જ એકબીજા સાથેની તમામ તસવીરો પણ સોશિયલ મીડિયા પરથી હટાવી દેવામાં આવી છે. દિલજીતની ટીમે આ રિપોર્ટની પુષ્ટી કરી હતી કે અભિનેત્રી તેના પતિથી અલગ થઈ શકે છે. દલજીત કૌર પણ પોતાના પુત્ર સાથે ભારત પરત ફરી છે. પોતાના બીજા પતિથી અલગ થયા બાદ દલજીત કૌર હવે કામ પર પરત ફરવા માંગે છે. અભિનેત્રી એક પંજાબી ફિલ્મમાં જોવા મળશે. દલજીત આ ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે. ઈ-ટાઈમ્સને આપેલા એક ઈન્ટરવ્યૂમાં દલજીતે ટીવી પર કમબેક કરવાની ઈચ્છા વ્યકત કરી છે. અભિનેત્રીએ કહ્યું- હું ટીવી પર પાછી ફરવા માંગુ છું. જો મને ઓટીટી પર સારું કામ મળે તો હું તે પણ કરવા માંગુ છું. નોંધનીય છે કે દલજીત કૌર નિખિલ સાથે લગ્ન કર્યા બાદ દેશ છોડીને કેન્યા શિફ્ટ થઈ ગઈ હતી. પરંતુ તેના પતિ સાથે મતભેદ થતાં તે મુંબઈ પરત ફરી છે અને પોતાના કામમાં વ્યસ્ત છે. હવે જોવાનું એ રહે છે કે અભિનેત્રી ક્યારે ટીવી પર પરત ફરે છે. દલજીતે ઘણી ટીવી સિરિયલોમાં કામ કર્યું છે. દલજીત કૌરના પહેલા લગ્ન એક્ટર શાલિન ભનોટ સાથે થયા હતા. શાલિન અને દલજીતને એક પુત્ર જેડન છે. જોકે, લગ્નના થોડા વર્ષો પછી દલજીત અને શાલિનના છૂટાછેડા થઈ ગયા. દલજીતે શાલિન પર ઘણા ગંભીર આરોપો પણ લગાવ્યા હતા.

# ઉલ્કા ગુપ્તા, મૈં હું સાથ તેરે માટે મેથડ અભિનયમાં આગળ વધી રહી છે



એજન્સી દ્વારા

ઝી ટીવીના આગામી શો- મૈં હું સાથ તેરે તૈયાર છે, દર્શકોને એક સિંગલ મધર જાનવી (ઉલ્કા ગુપ્તા)ની વાર્તા દર્શાવવા માટે, જે હાલમાં માતા-પિતા તરીકેની બેગણી જવાબદારી નિભાવી રહી છે. ગ્વાલિયરની પાશ્ચાદભૂ પર આધારીત જાનવીનું જીવન તેના દિકરા કિયાન (નિહાન જૈન)ની આસપાસ ફરે છે, તેના માટે તે પૂરી દુનિયા છે.

તેમના સંબંધની મજબૂતી છતા પણ, કિયાનને ઘરમાં પુરુષની કમી લાગે છે, પણ તેની માતાના દ્રષ્ટિકોણથી જોઈએ તો, તે બધું જ એકલું સંભાળી શકે છે. વાર્તામાં વણાંક ત્યારે આવે છે, જ્યારે ધનાઢ્ય બિઝનેસમેન આર્યમાન જાનવીને મળે છે અને તેઓ બંને એક જ છત હેઠળ કામ કરે છે. આર્યમનને જાનવીમાં રસ છે, શું કિયાન તે બંનેને મેળવી શકશે અને તેની માતાને જે વ્યક્તિ પસંદ કરે છે, તેનાથી તેની સિંગલ માતાને નજીક લાવી શકશે...?

પ્રસિદ્ધ અભિનેત્રી ઉલ્કા ગુપ્તા આ પાત્ર કરવા માટે પોતાની અલગ જ રીતે આગળ વધી રહી છે, જેથી કરીને તે યોગ્ય રીતે જાનવીનું પાત્ર કરી શકે. સિંગલ મધરનું જીવન જીવવા તથા બધું પોતાની જાતે સ્વતંત્રતાપૂર્વક કરવા માટે ઉલ્કા પોતાના ઘરના કામ કોઈપણ જાતના કામવાળાની મદદ વગર જાતે કરી રહી છે. તે માને છે કે, આનાથી તેનું વર્તનમાં એટલો બદલાવ આવશે કે, આ જ પ્રવૃતિ તે સ્ક્રીન પર સારી રીતે કરી શકશે.ઉલ્કા ગુપ્તા કહે છે, ''હું ખૂબ જ નાની છું અને હું હજી માતા પણ નથી બની, તો મને એક માતા ઘરમાં કઈ રીતે બધું કામ કરે છે, તે મને જરા પણ નથી ખબર. એક સ્વતંત્ર માતાના શારીરિક લક્ષણોને આત્મસાત કરવાના દ્રષ્ટિકોણથી મેં મારા ઘરની આસપાસનું બધું જ કામ જાતે જ કર્યું છે, તો મને લાગ્યું કે, મારે ઓછામાં ઓછા એક મહિના સુધી મારે મારા ઘરનું કામ જાતે કરવું જોઈએ. જ્યારે કોઈ સ્ત્રી ફલોર સફાઈ કરે છે કે રસોઈ કરતી હોય ત્યારે તેના પર દુપટ્ટો બાંધે છે કે માથા પર તેનો બન બાંધે છે, તો આ બધી એક ચોક્કસ અનિયમિતતા હોય છે, આ બધું કોઈ શિખવતું નથી.

# કેનેરા એચએસબીસી લાઈફ ઈન્શ્યુરન્સના પ્રોમિસ૪ગ્રોથ સાથે વૃદ્ધિ અને નાણાકીય સલામતી અનુભવો

એજન્સી દ્વારા

કેનેરા એચએસબીસી લાઈફ ઈન્શ્યુરન્સ પ્રોમિસ૪ગ્રોથ યોજના લાવી છે, જે નવો યુનિટ લિંક્ડ ઈન્શ્યુરન્સ પ્લાન (યુલિપ) નાણાકીય સમૃદ્ધિ અને સલામતીના પ્રવાસમાં આગળ વધવા માગતા ગ્રાહકો માટે તૈયાર કરવામાં આવી છે.

પ્રોડક્ટ વ્યાપક રક્ષણ સાથે આકર્ષક રોકાણ ક્ષિતિજોને સહજતાથી જોડીને પરિપૂર્ણ નાણાકીય સમાધાન પૂરા પાડવાની અમારી કટિબદ્ધતા અધોરેખિત કરે છે.

કેનેરા એચએસબીસી લાઈફ ઈન્શ્યુરન્સની ''પ્રોમિસ૪ગ્રોથ'' અસમાંતર સાનુકૂળતા પૂરી પાડે છે, નવા ફંડ- મિડકેપ મોમેન્ટમ ગ્રોથ ઈન્ડેક્સ ફંડ સહિત ઘણા બધા રોકાણ વિકલ્પો પૂરા પાડે છે અને વ્યક્તિગતો માટે પૂરતી વૃદ્ધિની સંભાવના ધરાવે છે. પ્રોમિસ૪ગ્રોથ સાથે ગ્રાહકો ઘણાં બધાં ફંડોમાંથી પસંદગી કરવાની ક્ષમતા અને વિવિધ આર્થિક ચક્રો અને સિદ્ધિઓમાંથી પસાર થવા માટે ઉપલબ્ધ ફંડો વચ્ચે સરળ સ્વિચથી સશક્ત બનાવીને ગ્રાહકોને નાણાકીય સમૃદ્ધિનો માર્ગ કંડારવા માટે મદદરૂપ થાય છે.

કેનેરા એચએસબીસી લાઈફ ઈન્શ્યુરન્સના આલ્ટરનેટ ચેનલ્સના ચીફ ડિસ્ટ્રિબ્યુશન ઓફિસર અને ચીફ સ્ટ્રેટેજી ઓફિસર શ્રી રિશી માથુરે જણાવ્યું હતું કે, ''અમને પ્રોમિસ૪ગ્રોથ રજૂ કરવાની બેહદ ખુશી છે, જે અમારી નવી યુલિપ પ્રોડક્ટ વ્યક્તિગતોનાં વિવિધ નાણાકીય લક્ષ્યોને પહોંચી વળવા માટે તૈયાર કરાઈ છે. પ્રોમિસ૪ગ્રોથ સાથે અમને મિડકેપ શેરોને લક્ષ્ય બનાવતા નવા ફંડ સહિત વિસ્તારિત રોકાણ તકો પ્રસ્તુત કરવાનું ગૌરવજનક લાગે છે. અમે અત્યંત મર્યાદિત શુલ્ક, મોર્ટાલિટી શુલ્કનું રિટર્ન અને પોલિસીધારકનાં વળતરો બહેતર બનાવવા નોંધપાત્ર બૂસ્ટર્સ સાથે પ્રોડક્ટ તૈયાર કરી છે. અમને આશા છે કે નવી પ્રોડક્ટ અમારા ગ્રાહકોની નાણાકીય આકાંક્ષા પરિપૂર્ણ કરશે. ગ્રાહકોની નાણાકીય આકાંક્ષાઓ સાથે સુમેળ સાધતા અને તેમની જરૂરતો માટે કાળજીપૂર્વક તૈયાર કરાયેલા ગ્રાહકલક્ષી સમાધાન પ્રદાન કરીને તેમના નાણાકીય પ્રવાસમાં તેમને ટેકો આપવાની આશા છે.''

નવી ઓફર ત્રણ અજોડ યોજના વિકલ્પ સાથે વિવિધ નાણાકીય જરૂરતોને પહોંચી વળે છે, જેમાં પ્રોમિસ૪વેલ્થ, પ્રોમિસ૪કેર અને પ્રોમિસ૪લાઈફનો સમાવેશ થાય છે.

# SBI લોંગ ટર્મ ઈક્વિટી ફંડ ૩૧ વર્ષ પૂર્ણ કરે છે

એજન્સી દ્વારા

**SBI** લોંગ ટર્મ ઈક્વિટી ફંડે ૩૧ વર્ષ પૂરા કર્યા છે. ૩૧ માર્ચ ૧૯૯૩ ના રોજ શરૂ કરાયેલ, યોજના (નિયમિત યોજના **IDCW** વિકલ્પ) એ શરૂઆતથી ૧૬.૫૩% નો ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર **(CAGR)** આપ્યો છે, એટલે કે યોજનાના **NFO** દરમિયાન રોકાણ કરાયેલ રૂ. ૧ લાખ વધીને લગભગ રૂ. ૧,૧૫,૧૭,૮૬૦ કરવામાં આવી છે.

સ્કીમમાં **SIP** (રેગ્યુલર પ્લાન **IDCW** ઓપ્શન) એ ૫ વર્ષમાં રોકાણકારને ૨૮.૨૨% ની **CAGR** ડિલિવર કરી હશે, જે બેન્ચમાર્ક **(S&P BSE 500 TRI)** ના ૨૧.૭૩% ની **SIP** બનાવે છે જે ૫ વર્ષમાં દર મહિને રૂ. ૧૦,૦૦૦નું રોકાણ કરે છે. એટલે કે રૂ. ૬ લાખની કિંમત ૧૨.૦૨ લાખ. જો રોકાણકાર શરૂઆતથી દર મહિને ૧૦,૦૦૦. નું રોકાણ ૩૭.૩૦ લાખ થાય તો. તે કરતાં વધુ હશે ૧૩.૦૯ કરોડનો ફાયદો થયો હશે.

**SBI** લોંગ ટર્મ ઈક્વિટી ફંડ એ ઈક્વિટી લિંક્ડ સેવિંગ્સ સ્કીમ **(ELSS)** છે જે વર્તમાન ટેક્સ કાયદાની જોગવાઈઓ અનુસાર માત્ર રૂ. ૧.૫ લાખ સુધી મર્યાદિત છે. સુધીના રોકાણ ...પર કોઈ કર લાભ નથી , પરંતુ ફંડની ઈક્વિટી-કેન્દ્રિત પ્રકૃતિને કારણે લાંબા ગાળાની સંપત્તિ સર્જનની સંભાવના પણ પૂરી પાડે છે. યોજનામાં રોકાણ ફાળવણીની તારીખથી ૩ વર્ષના વૈધાનિક લોક-ઈનને આધીન છે. લાંબા ગાળાના રોકાણની ક્ષિતિજો અને ઉચ્ચ જોખમની ભૂખ ધરાવતા રોકાણકારો સમય જતાં ચક્રવૃદ્ધિ વળતરનો લાભ મેળવી શકે છે.

# ડ્યૂરોપ્લાય પવિત્ર પ્રારંભ અને વૃદ્ધિનું પ્રતીક એવા 'શુભારંભ' વેલકમ કીટ સાથે નવા વર્ષમાં તેના મૂલ્યવાન ડીલર્સને આવકારે છે



એજન્સી દ્વારા

ભારતની આગવી અને અગ્રણી પ્લાયવુડ કંપનીઓમાંની અગ્રણી એવી ડ્યૂરોપ્લાયએ નવા વર્ષમાં તેના મૂલ્યવાન ગ્રાહકોને 'શુભારંભ' વેકમ કીટ સાથે આવકાર્યા હતા, જે પવિત્ર પ્રારંભ અને વૃદ્ધિનું પ્રતીક મનાય છે. ડ્યૂરોપ્લાય શુભારંભ કીટ અને ડીલર સર્ટીફિકેટ સાથે ૧૦૫૦થી વધુ પ્રતિષ્ઠિત ડીલર્સ હોવાનુ ગૌરવ અનુભવે છે. શુભારંભ કીટમાં પવિત્ર રામ મંદિર, મહાકાવ્ય રામ ચરિત માનસ અને ચરણ પાદુકાની પ્રતિકૃતિનો સમાવેશ થાય છે.ડ્યૂરોપ્લાયના મેનેજિંગ ડિરેકટર અને ચિફ એક્ઝિક્યુટીવ ઓફિસર શ્રી અખિલેશ ચિતલાંગીયાએ જણાવ્યું હતુ કે, "ભગવાન રામનું જીવન જેમ અખંડિતતા, સ્થિતિસ્થાપકતા અને કરૂણા જેવા સદગુણોનું દ્રષ્ટાંત આપે છે તેમ અમે ડ્યૂરોપ્લાય ખાતે અમારા પ્રતિષ્ઠિત ગ્રાહકોને આગવુ પ્લાયવુડ પૂરુ પાડવા માટેના અમારા પ્રયત્નોમાં ભગવાન રામના ઉપદેશમાથી પ્રેરણા લઈએ છીએ. અમે અમારા ઉત્પાદન પ્રક્રિયામાં અખંડિતતાનુ આચરણ કરીએ છીએ, તે રીતે અમારા કર્મચારીઓ, ગ્રાહકો અને પર્યાવરણ તરફે કરૂણા દાખવીએ છીએ. અમારી પ્લાયવુડ, બ્લોકબોર્ડ્ઝ, બારણાઓ અને લેમિનેટ્સની શ્રેણી સ્થિતિસ્થાપકતા ધરાવે છે જેથી અમારા ગ્રાહકોનું ઈન્ટેરિયર અનેક પેઢીઓ સુધી ચાલે તે સુનિશ્ચિત કરી શકાય.''તેમણે વધુમા ઉમેર્યું હતુ કે, ''ડ્યૂરોપ્લાય ખાતે ભગવાન રામના સમકાલીન મૂલ્યોને સમાવતા યોગ્ય માર્ગને દરરોજ વળગી રહેવુ તેવી પ્રતિબદ્ધતા દાખવવાનો અમારો પ્રયત્ન છે. ભગવાના રામના ઉપદેશ અને તેમની જીવનયાત્રા પરત્વેની અમારી પ્રતિબદ્ધતાનું પ્રદર્શન કરે તેવી સામગ્રીનો શુભારંભ કીટમાં પસદ કરીએ છીએ.''

ડ્યૂરોપ્લાયના પ્રતિષ્ઠિત ડીલર્સ સમાન પ્રકારના સમકાલીન મૂલ્યો અને ભગવાન રામના સદગુણો ધરાવે છે અને તેથી તેમના ૨૦૨૪-૨૫ના ડીલર સર્ટિફિકેટ સાથે શુભારંભ કીટને મેળવતા ખુશી અનુભવીએ છીએ.પવિત્ર રામ મંદિરની પ્રતિકૃતિ, રામ ચરિત માનસ અને ચરણ પાદુકા પરંપરા માટે દુરોપ્લાયના આદર અને સચ્ચાઈ અને અખંડિતતાના મૂલ્યોને જાળવી રાખવા માટેના સમર્પણના મૂર્ત સ્વરૂપ તરીકે સેવા આપે છે.

# પરફેક્ટ સમર ફેશન માટે વોર્ડરોબનો કાયાકલ્પ કરવા સેલિબ્રિટીઓની ટિપ્સ!



સમરની કાળઝાળ ગરમી સંપૂર્ણ વોર્ડરોબનો કાયાકલ્પની માગણી કરે છે ત્યારે પ્રવાહ સાથે વહી નહીં જતા પરંતુ તેમની પ્રતિકાત્મક ફેશન પસંદગીઓ સાથે નવો પ્રવાહ સ્થાપિત કરતા ટીવી કલાકારો તેમનાં આરામદાયક, સ્વર્ણિમ અને છતાં ફેશનેબલ સમરનાં કલેકશન વિશે જણાવે છે.

આમાં એન્ડટીવીના કલાકારો વિદિશા શ્રીવાસ્તવ (ભાભીજી ઘર પર હૈની અનિતા ભાભી), ગીતાંજલી મિશ્રા (હપ્પુ કી ઉલટન પલટનની રાજેશ સિંહ) અને નેહા જોશી (અટલની કૃષ્ણા દેવી વાજપેયી)નો સમાવેશ થાય છે.

ભાભાજી ઘર પર હૈમાં વિદિશા શ્રીવાસ્તવ ઉર્ફે અનિતા ભાભી કહે છે, ''સમર ફેશનની આઝાદી અપનાવવાનો સમય આવી ગયો છે. તો આ ગરમીમાં છાજે તેવાં કોટન અથવા લિનેનના નમ્ર સ્પર્શમાંથી ઘડવામાં આવેલા આરામદાયક શોર્ટસ અને હવાદાર રોમ્પર્સ સાથે પોતાની તસવીર ખેંચાવી લો. સમર પેલે પેસ્ટલ્સ અને વાઈબ્રન્ટ છાંટ સાથે જીવંત બને છે, જે તમારા વોર્ડરોબમાં સૂર્યની ચમક ઉમેરે છે. અને સંધ્યાકાળે બહાર નીકળવા માગે તેઓ સુંદર કિમોનો અથવા હલકા કાર્ડિજનની મનોહરતામાં પોતાને રૂપક બનાવી શકે છે, જે લેયરિંગ માટે પરફેક્ટ સાથી છે. આવનારા સાહસોનો ગણગણાટ કરતા સ્ટેટમેન્ટ સનગ્લાસીસ, ગરમીથી બચવા માટે ફ્લોપી હેટ અને દરેક હલનચલન સાથે નૃત્ય કરતી નાજુક જ્વેલરીસાથે તમારો લૂક પૂર્ણ કરો. મારે માટે સમર સ્ટાઈલ એટલે ફક્ત કપડાં નથી, પરંતુ આત્મવિશ્વાસ છલકાય અને ત્વચાને કમ્ફર્ટ આપે તે છે, જે મોસમના જોશની ખૂબીઓનું દ્યોતક છે.''

હપ્પુ કી ઉલટન પલટનની ગીતાંજલી મિશ્રા ઉર્ફે રાજેશ સિંહ કહે છે, ''મારે માટે સમર ફેશન એટલે બેફિકર જીવનની ખૂબી છે. હું લૂઝ પેન્ટ્સ અને હવાદાર કોટન શર્ટસ અપનાવું છે.

# ૧ લાખ કરોડનો વાર્ષિક નફો મેળવનારી Reliance દેશની પ્રથમ કંપની બની




એજન્સી દ્વારા

મુંબઈ,તા.૨૪

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ **(RIL)** વાર્ષિક ધોરણે રૂ. ૧ લાખ કરોડનો નફો મેળવનારી પ્રથમ ભારતીય કંપની બની છે. નાણાકીય વર્ષ માટે કંપનીનો ચોખ્ખો નફો એક વર્ષ અગાઉની સરખામણીમાં ૭ ટકા વધીને રૂ. ૭૯,૦૨૦ કરોડ થયો છે. વધુમાં, કંપનીએ કન્ઝ્યુમર બિઝનેસ અને અપસ્ટ્રીમ બિઝનેસમાં સતત વૃદ્ધિની ગતિને કારણે રૂ. ૧૦ લાખ કરોડથી વધુની રેકોર્ડ વાર્ષિક એકીકૃત આવક હાંસલ કરી છે.૩૧ માર્ચે પૂરા થયેલા વર્ષમાં **EBITDA 16.1** ટકા વધીને રૂ. ૧.૭૯ લાખ કરોડ થયો છે. કંપનીએ ૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષ માટે શેર દીઠ રૂ. ૧૦નું ડિવિડન્ડ પણ જાહેર કર્યું હતું.૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં **RIL**નો નફો રૂ. ૧૮,૯૫૧ કરોડ હતો. આ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં, કંપનીએ ૧૭,૨૬૫ કરોડ રૂપિયાનો નફો કર્યો હતો. ગયા નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરમાં, કંપનીએ ૧૯,૨૯૯ કરોડ રૂપિયાનો નફો કર્યો હતો.નાણાકીય વર્ષ ૨૦૨૪ ના ચોથા ક્વાર્ટરમાં **RIL**ની આવક ત્રિમાસિક ધોરણે રૂ. ૨.૨૫ લાખ કરોડથી વધીને રૂ. ૨.૩૭ લાખ કરોડ થઈ છે. વાર્ષિક ધોરણે તે ૨.૧૩ લાખ કરોડ રૂપિયાથી વધીને ૨.૩૭ લાખ કરોડ રૂપિયા થઈ ગયો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪ ના ચોથા ક્વાર્ટરમાં **RIL**નો **EBITDA** ત્રિમાસિક ધોરણે રૂ. ૪૦,૬૫૬ કરોડથી વધીને રૂ. ૪૨,૫૧૬ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૩ ના ચોથા ક્વાર્ટરમાં, કંપનીનો **EBITDA 38,440** કરોડ રૂપિયા હતો.**FY 2024** ના ચોથા ક્વાર્ટરમાં **RIL**નું **EBITDA** માર્જિન ત્રિમાસિક ધોરણે ૧૮.૧ ટકાથી ઘટીને ૧૮ ટકા થયું છે.

# બૈસાખીનો આનંદઃ ઝી ટીવીના કલાકારો લણણીના તહેવાર અંગે તેમની હૃદયસ્પર્શી વાત કરે છે



એજન્સી દ્વારા

બૈસાખી, એ શિખ લોકો દ્વારા એક વસંતની લણણીની ઉજવણી છે, આ નવું વર્ષ ઉત્તર ભારત સહિત ધાર્મિક રીતે નોંધપાત્ર મહત્વ ધરાવે છે. દર વર્ષે નાનકશાહી કેલેન્ડર અનુસાર ૧૩મી અને ૧૪મી એપ્રિલના રોજ તેની ઉજવણી થાય છે અને સમગ્ર સમુદાય આનંદ ઉત્સવમાં એકત્રીત થાય છે. આ તહેવાર વિશે ઝી ટીવીના કલાકારો જેવા કે, રબ સે હૈં દુઆના ધીરજ ધૂપર અને સીરત કપૂર, ઇક કુડી પંજાબ દીની મોનિકા ખન્ના અને અવિનેશ રેખી, પ્યાર કા પહેલા નામ રાધા મોહનનો માનિત જૌરા અને ભાગ્ય લક્ષ્મીનો અમન ગાંધી આ શુભ દિનના મહત્વ અને તેની ઉજવણી વિશે તેમના મંતવ્ય જણાવે છે.

ધીરજ ધૂપર, જે ઝી ટીવીના રબ સે હૈં દુઆમાં સુભાનનું પાત્ર કરી રહી છે તે કહે છે, ''બૈસાખીનો તહેવાર મારા જીવનમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે. ઉત્તરિય ભારતમાં તે પ્રાથમિક ધોરણે વસંતની લણણીના તહેવાર તરીકે ઉજવાય છે. એક પંજાબી હોવાને નાતે, મને તૈયાર થઈ અને રાજમા ચાવલથી લઈને લસ્સી જેવી સ્વાદિષ્ટ પંજાબી વાનગીઓ સાથે કુદરતી ઉજવમી કરવી ગમે છે. મારા બાળપણની યાદોં જોઈએ તો, મને બાળપણમાં અમારા ઘરમાં યોજાયેલી આનંદિત ઉજવણીની યાદોં છે, ત્યારબાદ સાંજના સમયે કેટલાક સામુદાયિક મેળામાં મળીએ છીએ, જે અમારામાં એકદમ ઉત્સાહિત નૃત્ય, અમર્યાદિત ઉર્જા અને ઉમંગથી ભરી દે છે. વધુમાં દર વર્ષે આ પ્રસંગેહું ગુરુદ્વારા જાઉં છું અને બાબાજીનો આશિર્વાદ મેળવું છું. આ વર્ષે પણ હું દર્શન કરવા જઈશ અને મારા પરિવારની સાથે ઉજવણી કરીશ.''

માનિત જૌરા, પ્યાર કા પહેલા નામ રાધા મોહનનો યુગ કહે છે, ''બૈસાખી અત્યંત રંગોનો તહેવાર છે, મારા પરિવારની સાથે હું સામાન્ય ખુશીને પણ માણીશ. હવામાં સ્મિતની સાથે, પ્રેમ આપણને એકજૂટ કરે છે, ત્યારે ગજકનો સ્વાદ તથા એક્તા અને પરંપરાની યાદોંને લઈને આવે છે.

### ૧૨ લાખ કરતાં વધુ ફર્સ્ટ ટાઈમ વોટર કરી શકશે મતદાન

# ગુજરાતના આશરે ૫ કરોડ લોકો આગામી ચૂંટણીમાં કરી શકશે મતાધિકારનો ઉપયોગ

(અમદાવાદ માહિતી બ્યુરો)

અમદાવાદ,તા.૨૪

લોકસભાની સામાન્ય ચૂંટણી તેમજ વિધાનસભાની પેટા ચૂંટણી માટે ગુજરાતમાં ૭ મેના રોજ મતદાન યોજવા માટે તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારીઓની વિગતો આપતા મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે ૧૫ માર્ચ ૨૦૨૪ સુધીમાં અરજી કરનાર તમામ નાગરિકોને **EPIC** કાર્ડનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. જો **EPIC** કાર્ડ ન હોય તો **e-EPIC** ની પ્રિન્ટને પણ ઓળખના પુરાવા તરીકે માન્ય ગણવામાં આવશે. બુથ લેવલ ઓફિસર દ્વારા વોટર ઈન્ફોર્મેશન સ્લીપ લોકોના ઘરે પહોંચાડવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. ૨૭ એપ્રિલના રોજ અમદાવાદ ખાતે બીજો સ્ટેટ લેવલ પોસ્ટલ બેલેટ એક્સચેન્જ ફેર યોજાશે. ચૂંટણી પંચ દ્વારા નિમવામાં આવેલા જનરલ ઓબ્ઝર્વરની હાજરીમાં ૨૭ એપ્રિલ સુધીમાં **EVM**નું બીજું રેન્ડમાઈઝેશન, જ્યારે ૫ મે ૨૦૨૪ ના રોજ પોલિંગ સ્ટાફના ત્રીજા રેન્ડમાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.‘‘

લોકસભાની સામાન્ય ચૂંટણી તેમજ વિધાનસભાની પેટા ચૂંટણી માટે પાત્ર એવા તમામ નાગરિકો પોતાનું નામ મતદાર યાદીમાં નોંધાવી લે તે માટે સઘન મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, જેના ભાગરૂપે જાન્યુઆરી-૨૦૨૪માં પ્રસિદ્ધ થયેલી મતદાર યાદીની સાપેક્ષે કુલ ૩ લાખ કરતાં વધુ મતદારો નોંધાયા છે. તા.૨૨ એપ્રિલના રોજ પ્રસિદ્ધ થયેલી હરિફ ઉમેદવારોની યાદી પ્રમાણે લોકસભાની ચૂંટણી માટે કુલ ૨૬૬ ઉમેદવારો તેમજ વિધાનસભા પેટાચૂંટણી માટે કુલ ૨૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે. સુરત લોકસભા બેઠક પર માત્ર ભાજપના ૧ ઉમેદવાર વધતાં તે ઉમેદવારને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

**મતદાર યાદી**

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભાની ૦૫ બેઠકોની પેટાચૂંટણી માટે મતદાન તા.૦૭ મે, ૨૦૨૪ ના રોજ યોજાનાર છે જેમાં રાજ્યના ૪,૯૭,૬૮,૬૭૭ મતદારો મતદાન કરી શકશે. આખરી મતદાર યાદીમાં ૧૮ થી ૧૯ વર્ષની ધરાવતા ૧૨,૨૦,૪૩૮ મતદારો પ્રથમ વખત મતદાન કરી શકશે.

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા હાથ ધરવામાં આવેલા મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા-૨૦૨૪ અંતર્ગત તા.૦૫ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી મતદાર યાદી મુજબ રાજયમાં કુલ ૪,૯૪,૪૯,૪૬૯ મતદારો નોંધાયેલા હતા. ત્યાર બાદ તા.૦૯ એપ્રિલ, ૨૦૨૪ સુધી મતદાર તરીકે નોંધણી માટે મળેલી અરજીઓ પૈકી ૩,૧૯,૨૦૯ મતદારોનો પુરવણી મતદાર યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આખરી મતદાર યાદી મુજબ રાજ્યમાં ૨,૫૬,૧૬,૫૪૦ પુરૂષ, ૨,૪૧,૫૦,૬૦૩ સ્ત્રી અને ત્રીજી જાતિના ૧,૫૩૪ મળી કુલ ૪,૯૭,૬૮,૬૭૭ મતદારોનો સમાવેશ થાય છે.

રાજ્યમાં યોજાનાર ચૂંટણીમાં યુવાઓ મોટા પ્રમાણમાં મતદાનમાં ભાગ લેશે. આ વર્ષે ગુજરાતમાં ૧૮થી ૨૯ વય જૂથનાં કુલ ૧,૧૬,૦૬,૧૮૮ યુવા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ૮૫ વર્ષથી વધુ વય ધરાવતાં વરિષ્ઠ મતદારોની કુલ સંખ્યા ૪,૧૯,૫૮૪ છે. રાજ્યમાં ૧૦,૦૩૬ મતદારો શતાયુ એટલે કે ૧૦૦ વર્ષ કે તેનાથી વધુ વયના છે. ૩,૭૫,૬૭૩ મતદારોને દિવ્યાંગ મતદાર તરીકે ચિન્હિત કરવામાં આવ્યા છે. રાજ્યમાં મતદાતાની સંખ્યાના આધારે સૌથી મોટી લોકસભા બેઠક નવસારી છે; જેમાં ૨૨,૨૩,૫૫૦ મતદારો છે, જ્યારે ભરૂચ લોકસભા બેઠકમાં સૌથી ઓછા ૧૭,૨૩,૩૫૩ મતદારો છે.

રાજયમાં કુલ ૨૭,૫૫૫ સેવા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. સાથે જ વિદેશમાં વસતા ભારતીય મતદારો પણ ગુજરાતમાં પોતાના રહેઠાણના વિસ્તાર સંબંધિત મતદાન મથક ખાતે મત આપી શકે છે. અંતિમ મતદાર યાદીમાં વિદેશમાં વસતા ૯૦૦ મતદારો નોંધાયા છે.

**મતદાર ફોટો ઓળખકાર્ડ (EPIC) તથા મતદાર કાપલીનું વિતરણ**

તા. ૭ મે, ૨૦૨૪ ના રોજ યોજાનાર મતદાન માટે ગત તા.૧૫ માર્ચ, ૨૦૨૪ સુધી અરજી કરનાર નાગરિકોને મતદાર ફોટો ઓળખકાર્ડ **(EPIC)** નું વિતરણ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. ત્યારબાદ અરજી કરનાર નાગરિકોને **EPIC** કાર્ડ ઝડપથી પહોંચાડી દેવામાં આવશે. જો કે **EPIC** કાર્ડ ન મળ્યું હોય પણ મતદાર નોંધણીની અરજી સાથે મોબાઈલ નંબર આપેલ હોય તો **e-EPIC** ડાઉનલોડ કરી શકાય છે અને **e-EPIC**ની પ્રિન્ટને ઓળખના પુરાવા તરીકે માન્ય ગણવામાં આવશે. મતદારોને મતદાર યાદીમાં પોતાનો ક્રમ, મતદાન મથક, મતદાનની તારીખ અને સમય સહિતની વિગતો મળી રહે તે માટે ચૂંટણી પંચના આમંત્રણ સ્વરૂપે બુથ લેવલ ઑફિસર દ્વારા મતદાર માહિતી કાપલી **(Voter Information Slip)** લોકોના ઘેર પહોંચાડવામાં આવી રહી છે. મતદાર માહિતી કાપલીની સાથે કુટુંબદીઠ એક વોટર ગાઈડનું વિતરણ કરવામાં આવશે. વધુમાં પ્રજ્ઞાપક્ષુ મતદારો માટે બ્રેઈલ લિપિમાં મતદાર કાપલી તેમજ વોટર ગાઈડનું પણ વિતરણ કરવામાં આવશે. આ કામગીરી તા. ૦૨ મે, ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરી લેવામાં આવશે.

**ઉમેદવારી પત્રો**

લોકસભા સામાન્ય ચૂંટણી માટે કુલ ૪૩૩ ઉમેદવારોએ નામાંકનપત્રો ભર્યા હતાં. તા.૨૦ એપ્રિલના રોજ ચકાસણી દરમ્યાન કુલ નામાંકનપત્રો પૈકી કુલ ૧૦૫ નામાંકનપત્રો રદ્દ કરવામાં આવ્યા હતા. ઉમેદવારી પરત ખેંચવાની આખરી તા. ૨૨ એપ્રિલ સુધીમાં કુલ ૬૨ ઉમેદવારો દ્વારા ઉમેદવારી પરત ખેંચવામાં આવી હતી. આમ, હવે લોકસભા સામાન્ય ચૂંટણી, ૨૦૨૪ માં હરીફ ઉમેદવારની કુલ સંખ્યા ૨૬૬ થઈ છે. જે પૈકી ૨૪૭ પુરુષ ઉમેદવારો, ૧૯ સ્ત્રી ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. ઉક્ત પૈકી ૨૪-સુરત લોકસભા મતવિભાગના ઉમેદવાર બિન હરીફ જાહેર થયા છે. જ્યારે પાંચ વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણીઓ-૨૦૨૪ માટે કુલ ૩૭ ઉમેદવારોએ નામાંકનપત્રો ભર્યા હતાં જે પૈકી ચકાસણી દરમિયાન કુલ ૧૦ નામાંકનપત્રો રદ્દ કરવામાં આવ્યા હતા. તેમજ ૩ ઉમેદવારો દ્વારા ઉમેદવારી પરત ખેંચવામાં આવી હતી. આમ, હવે વિધાનસભા પેટા ચૂંટણી માટે હરીફ ઉમેદવારની કુલ સંખ્યા ૨૪ થઈ છે.

***EVM***

રાજયના તમામ લોકસભા મતવિભાગમાં અને ૫ વિધાનસભા મતવિભાગમાં પેટા ચૂંટણીઓ સંદર્ભે હરીફ ઉમેદવારો/તેઓના પ્રતિનિધિઓ અને ભારતના ચૂંટણી પંચ દ્વારા નીમવામાં આવેલ જનરલ ઓબ્ઝર્વરની હાજરીમાં તા.૨૭ એપ્રિલ સુધીમાં **EVM**ના બીજા રેન્ડમાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.‘‘

ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.**(BEL)** દ્વારા ઈફસ્ના કમિશનિંગ (મતદાન માટે ઈફસ્ને તૈયાર કરવા) ની પ્રક્રિયા માટે એન્જિનિયર્સની ફાળવણી કરી દેવામાં આવી છે. જે અનુસાર તા.૨૫/૦૪/૨૦૨૪થી વિધાનસભા પેટા ચૂંટણી માટે અને તા.૨૭/૦૪/૨૦૨૪ થી લોકસભા સામાન્ય ચૂંટણી માટે ઈફસ્ના કમિશનિંગની કામગીરી હરીફ ઉમેદવારો/તેઓના પ્રતિનિધિઓની હાજરીમાં શરૂ કરવામાં આવશે.

કુલ ૨૫ સંસદીય મતવિભાગો**(PC)**માં કુલ ૪૯,૧૪૦ મતદાન મથકો ખાતે મતદાન થનાર છે. આ પૈકી ૭-અમદાવાદ પૂર્વ સંસદીય મતવિભાગ**(PC)**ના ૧,૮૨૦ મતદાન મથકોમાં **2 BU**નો વપરાશ થશે. આમ કુલ ૫૦,૯૬૦-**BU, 49,140-CU** અને ૪૯,૧૪૦-**VVPAT**નો ઉપયોગ થશે. તે ઉપરાંત પાંચ વિધાનસભા મતવિભાગો**(AC)**ની પેટા ચૂંટણીઓમાં ૧,૨૮૨ મતદાન મથકોમાં મતદાન થશે, જેમાં કુલ **1,282- BU, 1,282-CU** અને **1,282-VVPAT**નો ઉપયોગ થનાર છે.

***Absentee Voters***

તા.૧૧/૦૪/૨૦૨૪ સુધીમાં **Absentee Voters Category**માં ૮૫ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા ૧૮,૪૯૦ વરિષ્ઠ મતદારો તેમજ ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા ૪,૨૧૧ દિવ્યાંગ મતદારો મળી કુલ ૨૨,૭૦૧ મતદારોએ હોમ વોટીંગ માટે અરજી કરી છે.

મતપત્રો તૈયાર થતાંની સાથે આવતીકાલથી હોમ વોટીંગની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવશે. આ ઉપરાંત આવશ્યક સેવાઓમાં રોકાયેલા ૫,૫૧૮ મળી **Absentee voters**ના કુલ ૨૮,૨૧૯ ફોર્મ-**12D** મળ્યા છે.

***મતદાન જાગૃતિ***

લોકસભાની સામાન્ય ચૂંટણીમાં તમામ વર્ગના મતદારોની સહભાગિતા વધે અને વધુમાં વધુ મતદારો મતદાન કરે તે માટે જાગૃતિ કેળવવા રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે જે અંતર્ગત **First Time Voters** માટે કોલેજમાં મતદાન જાગૃતિના કેમ્પ તથા કેમ્પસ ઍમ્બેસેડર્સની નિમણૂંક, મહિલા મતદાન જાગૃતિ માટે આંગણવાડી ખાતે બેઠક, ઈન્ડસ્ટ્રીઝમાં વોટર અવેરનેસ ફોરમ દ્વારા મતદાર જાગૃતિ અને સવેતન રજા અંગેની બેઠક, જિલ્લા અને રાજ્ય કક્ષાએ મતદાન જાગૃતિ માટે **MoU** તથા સોશિયલ મીડિયા દ્વારા મતદાન જાગૃતિ માટે ઈન્ફલુઅન્સર્સ તેમજ આઈકન્સ સાથે સહભાગિતા, સોસાયટી મિટિંગ્સ સહિતની પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. ‘‘

વધુમાં, સમગ્ર રાજયમાં યુવા મતદારો, મહિલા મતદારો, ઈન્ડસ્ટ્રીમાં કામ કરતા લોકો માટે તા.૨૨/૦૪/૨૪ થી તા.૦૬/૦૫/૨૦૨૪ દરમિયાનના ૧૫ દિવસો માટે સમગ્ર રાજ્યમાં મતદાન જાગૃતિના ખાસ પ્રયત્નો હાથ ધરવા આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત મતદાન માટે લોકોને પ્રોત્સાહિત કરવા જિલ્લાકક્ષાએથી જ્યાં મોટી સંખ્યામાં નાગરિકો એકત્ર થતા હોય તેવા મોલ્સ, ફુડ-કોર્ટ અને બગીચાઓ જેવા સ્થળો ઉપર મતદાન જાગૃતિ માટે ફ્લેશ મોબનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તા.૦૫/૦૫/૨૦૨૪ ના રોજ મતદાન જાગૃતિના ભાગરૂપે સમગ્ર રાજયમાં **‘Run for Vote’** નું પણ આયોજન થવા જઈ રહ્યું છે.

આ પખવાડિક મતદાન જાગૃતિ અભિયાનમાં ચૂંટણી તંત્ર દ્વારા કેટલાક મુખ્ય સંદેશાઓ પર ખાસ ભાર મુકી મતદારોને જાગૃત કરવામાં આવશે.

૧. જો મતદાર યાદીમાં નામ નોંધાયેલ હોય તો **EPIC** કાર્ડ અથવા ી-**EPIC** ની પ્રિન્ટ દ્વારા મતદાન કરી શકાશે. જો તે પણ પ્રાપ્ય ન હોય તો અન્ય વૈકલ્પિક ૧૨ પૈકીના કોઈ પણ પુરાવાથી મતદાન કરી શકાશે,

૨. મતદાનનો સમય, સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધીનો રહેશે.

૩. મતદાનના દિવસે, મતદાન માટે સવેતન રજા મળે છે. જો ન મળે તો ૧૯૫૦ પર ફરીયાદ કરી શકાય છે.

૪. મતદાન મથકે મોબાઈલ લઈ જઈ શકાશે નહીં,

૫. **Voter Information Slip** કે જે **BLO** દ્વારા આપવામાં આવે છે તે માત્ર જાણકારી માટે છે. તે મતદાન માટેનો માન્ય પુરાવો નથી.

૬. મતદાનના દિવસે હિટ વેવથી બચવા માટે કાળજી રાખવા સહિતની બાબતોનો સમાવેશ કરવામાં આવશે.

***Know Your Polling Station* અભિયાન**

મતદાન મથકનું સ્થળ ખબર ન હોવાના કારણે, મતદાન માટેના આવશ્યક દસ્તાવેજો વિષે જાણ ન હોવાના કારણે અથવા તો એક કરતા વધુ પોલિંગ સ્ટેશન ધરાવતા પોલિંગ સ્ટેશન લોકેશન પર ક્યાં મતદાન મથકમાં મતદાન માટે જવાનું છે તે અંગે મતદારો મુંઝવણ અનુભવતા હોય છે. આથી તા.૨૮ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ સમગ્ર રાજ્યમાં **Know Your Polling Station** અભિયાનનું આયોજન કરવામાં આવશે જેમાં બૂથ લેવલ ઓફિસર સવારે ૯ થી ૧૨:૩૦ સુધી મતદાર યાદી સાથે મતદાન મથક પર હાજર રહેશે અને મતદારોને મતદાન મથકે પ્રાપ્ય સુવિધા અને વ્યવસ્થા વિષે માહિતગાર કરશે. આ અભિયાનની સાથોસાથ ચુનાવ પાઠશાલાનું પણ આયોજન કરવામાં આવશે; જેમાં તમામ ગ્રાસ રૂટ લેવલના કર્મચારીઓ ઘરે ઘરે જઈને લોકોને સહપરિવાર મતદાન માટે આમંત્રણ આપશે.‘‘

**ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ**

ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં કાર્યરત ૭૫૬ ફલાઈંગ સ્કવોડ્સ તથા ૧,૨૦૩ સ્ટેટીક સર્વેલન્સ ટીમ્સ દ્વારા અત્યાર સુધીમાં રૂ. ૭.૮૯ કરોડ રોકડ, રૂ. ૧૪.૬૯ કરોડની કિંમતનો ૫.૦૪ લાખ લીટર જેટલો દારૂ, રૂ. ૩૬.૬૩ કરોડની કિંમતનું ૬૯.૮૦ કિલો સોનું અને ચાંદી, રૂ. ૩.૫૭ કરોડની કિંમતના ૭૭૭.૪૧ કિલો પ્રતિબંધિત નશાકારક પદાર્થો તથા મોટરકાર, મોટર સાઈકલ, સીગારેટ, લાઈટર અને અખાદ્ય ગોળ સહિતની રૂ. ૫૮.૮૫ કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ રૂ. ૧૨૧.૬૫ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

***ફરિયાદ નિવારણ***

**c-VIGIL** (સી-વીજીલ) મોબાઈલ ઍપ પર તા.૧૬/૦૩/૨૦૨૪ થી તા.૨૧/૦૪/૨૦૨૪ સુધી આદર્શ આચારસંહિતાના ભંગ અંગે કુલ ૨,૮૩૮ ફરિયાદો મળી છે. ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર આ તમામ ફરિયાદોનો તાત્કાલિક યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે. **National Grievance Services Portal** પર તા.૧૬/૦૩/૨૦૨૪ થી તા.૨૧/૦૪/૨૦૨૪ સુધી મતદાર ઓળખપત્ર **(EPIC)** અંગેની ૮,૧૪૨, મતદાર યાદી સંબંધી ૭૬૦, મતદાર કાપલી સંબંધી ૨૦૦ તથા અન્ય ૧,૯૦૦ મળી કુલ ૧૧,૦૦૨ ફરિયાદો મળી છે.

આ ઉપરાંત, મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી ખાતે કાર્યરત કંટ્રોલ રૂમના હેલ્પલાઈન નંબર ઉપર તા.૧૬/૦૩/૨૦૨૪થી તા.૨૧/૦૪/૨૦૨૪ સુધીમાં કુલ ૧૯૮ ફરિયાદો મળી છે, જે તમામનો પણ ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે.

સાથે સાથે કચેરીમાં મીડિયા મારફતે ૧૮ તથા ટપાલ અને ઈ-મેઈલ દ્વારા રાજકીય પક્ષો મારફતે ૩૯, ભારતના ચૂંટણી પંચ મારફતે ૪૫ તથા અન્ય ૪૦૬ મળી કુલ ૫૦૮ ફરિયાદો મળી છે.

# રાજયમાં આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની આગાહી

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૨૪

રાજયમાં આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ગુજરાતમાં હાલ પવન ઉત્તર પશ્ચિમ દિશા તરફ ફૂંકાઈ રહ્યા છે. ત્યારે આજે અમદાવાદ હવામાન વિભાગના ડાયરેક્ટર દ્વારા ગુજરાતમાં આગામી સાત દિવસ હીટવેવ, વરસાદ અને તાપમાન અંગેની આગાહી કરી છે તે આપણે જોઈએ.

આ સાથે એ. કે દાસે એમ પણ જણાવ્યુ છે કે, છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં સૌથી વધુ તાપમાન વલ્લભવિદ્યાનગરમાં ૩૯.૬ ડિગ્રી નોંધાયુ છે. જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં ૩૯.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. આ સાથે તેમણે જણાવ્યુ કે, આગામી ૨૪ કલાકમાં અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેશે.

ગુજરાતના દરિયાકાંઠાની સ્થિતિ અંગે વાત કરતા તેમણે જણાવ્યુ છે કે, દરિયાકાંઠે પવનની દિશા ઉત્તર પશ્ચિમની રહેશે. આ સાથે તેમણે જણાવ્યુ કે, હાલ કોઈ ડિસકમ્ફર્ટની સ્થિતિ રહેશે નહીં.

ઉનાળાના બળબળતા તાપ વચ્ચે ખેતી કાર્યોમાં રાજ્યના ખેડૂતો હીટવેવથી બચી શકે તે માટે ખેતી નિયામકની કચેરી દ્વારા હીટવેવ સામે લેવાના સાવચેતીના પગલાઓ અંગે સામાન્ય એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.

આ એડવાઈઝરીમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાતના મગફળી, કેળ, ઉનાળુ મગ, ઉનાળુ ડાંગર, ઉનાળુ શાકભાજી, ઉનાળુ બાજરી પકવતા ખેડૂતોને ખેતી કાર્યોમાં યોગ્ય કાળજી લેવા અનુરોધ કરાયો છે. આ એડવાઈઝરીમાં જણાવાયું છે કે, હીટવેવ દરમિયાન ખેતરમાં ઉભા પાકને હળવું તેમજ વારંવાર પિયત આપવું. મગફળી, મગ, અડદ, બાજરી, જુવાર, તલ વગેરે પાકમા વહેલી સવારે અને સાંજના સમયે પિયત આપવું. ખેતરની જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી રાખવાં માટે પાકનાં અવશેષો, પોલીથીન તેમજ માટી વડે આચ્છાદન કરવું. પિયત માટે બની શકે તો ફુવારા પદ્ધતિનો ઉપયોગ કરવો. પાકને ઊંચા તાપમાનથી બચાવવા શાકભાજીના ખેતરમાં નીંદણ ન કરવું. બપોરના કલાકો દરમ્યાન ખેતીની પ્રવૃતિઓ બંધ રાખવી.

# સુરતમાં ૧૬ વર્ષીય તરૂણે ૭ વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું

પ્રતિનિધિ દ્વારા

વરાછા, તા.૨૪

સુરતના નાના વરાછામાં લગ્નના વરઘોડામાં ડાન્સ કરતાં સાત વર્ષના બાળકનું મહોલ્લામાં જ રહેતાં ૧૬ વર્ષના સગીરે અપહરણ કરી સુષ્ટિ વિરૂધનું કૃત્ય આચર્યું હતું. સગીરનો ફોન કબજે કરતાં તેણે બે દિવસમાં ગૂગલ ક્રોમ બ્રાઉઝરમાં ૪૭ પોર્ન સાઈટ સર્ચ કરી હતી. ઘટનાના દિવસે ૧૩ પોર્ન સાઈટ જોઈ હતી.

નાના વરછામાં રહેતો ૭ વર્ષીય બાળક લગ્નના વરઘોડામાં બાળકોની ભીડ વચ્ચે ડાન્સ કરી રહ્યો હતો. ત્યારે મહોલ્લામાં જ રહેતો ૧૬ વર્ષીય સગીર તેની પાસે આવ્યો હતો અને ચાલતાં ચાલતાં જઈએ તેમ કહીને તેને અવાવરૂ જગ્યા તરફ લઈ ગયો હતો. અહીં બાળકને ધામધમકી આપી તેની સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હતું. ભયભીત બાળક જ્યારે ઘરે મોડેથી પહોંચ્યું ત્યારે પિતાએ વારંવાર પૂછપરછ કરતાં પોતાની સાથે થયેલા ઘૃણાસ્પદ કૃત્યની જાણ કરી હતી. બાળકને લોહી નીકળતી હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવાની સાથે પોલીસને જાણ કરવામાં આવતી હતી. જો કે, ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો તાત્કાલિક હોસ્પિટલ દોડી ગયો હતો. ત્યારે જેના ઉપર યૌનશોષણનો આરોપ હતો. તે ૧૬ વર્ષીય સગીરને ડિટેઈન કરી તેનો મોબાઈલ ફોન પણ કબજે લવામાં આવ્યો હતો. પોલીસે તેનો મોબાઈલ ફોન સર્ચ કરતાં ૨૦ અને ૨૧ એપ્રિલના બે દિવસો દરમિયાન તેણે ગૂગલ ક્રોમ ઉપર ૪૭ પોર્ન સાઈટ સર્ચ કરી હતી. એડિક્ટની હદે તે અશ્લીલતાનો બંધાણી બની ગયો હોય તેમ ૨૧ એપ્રિલે જ્યારે બાળક સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું તે દિવસે પણ ૧૩ પોર્ન સાઈટ સર્ચ કરી હતી.




કેન્દ્રીય રાજ્યમંત્રી તથા ખેડા લોકસભા બેઠકના ઉમેદવાર દેવુસિંહ ચૌહાણના જનસમર્થનમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નિકોલ ખાતે જનસભાને સંબોધી મોદી સરકારની સિદ્ધિઓ વિશે જણાવ્યું તથા ફરી એકવાર નરેન્દ્ર મોદીને પ્રધાનમંત્રી બનાવવા આહ્વાન કર્યું. આ અવસરે અમદાવાદ જિલ્લાના પ્રમુખ હર્ષદગીરી ગોસાઈ, ખેડા જિલ્લાના પ્રમુખ અજય બ્રહ્મભટ્ટ સહિત હોદેદારો, ધારાસભ્યો, અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને કાર્યકર્તાઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

### સિંહોના મોત મામલ ગુજરાત હાઈકોર્ટે અધિકારીઓનો ઉધડો કાઢ્યો

# અધિકારીઓ AC ઓફિસમાં બેસી, મગજ બંધ કરી સિંહોનાં મોતની તપાસ કરતા લાગે છે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૨૪

અકસ્માતમાં સિંહોના મોત મામલે ગુજરાત હાઈકોર્ટે અધિકારીઓનો ઉધડો લીધો છે. કોર્ટે સ્પષ્ટ કરી દીધું છેકે, તે અધિકારીઓ દ્વારા આપવામાં આવેલાં તપાસ રિપોર્ટથી અસંતુષ્ટ છે. અધિકારીઓની તપાસ માત્ર નામ પુરતી જ હોવાનું પણ કોર્ટે નોંધ્યું છે. ઉલ્લેખનીય છેકે, ગીરના જંગલ-અભયારણ્ય ક્ષેત્રમાં સિંહોના મોત મામલે ગુજરાત હાઈકોર્ટ દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજીની સુનાવણી દરમિયાન જાન્યુઆરી મહિનામાં ત્રણ સિંહોનાં મોતને લઈ હાઈકોર્ટે માંગેલા ઈક્વાયરી રિપોર્ટ અનુસંધાનમાં વનવિભાગ અને રેલ્વે ઓથોરીટી દ્વારા ખુલાસા અને જવાબથી હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે ભારે અસંતોષ વ્યકત કર્યો હતો.

રિપોર્ટ અંગે ચીફ જસ્ટિસની ખંડપીઠે ટકોર કરી હતી કે, એક જ મહિનામાં ત્રણ સિંહોના ટ્રેન અકસ્માતમાં મૃત્યુની ઘટના નોંધાવા છતાં તેની ગંભીરતા ધ્યાને લીધા વિના રેલવે ઓથોરિટી કે વનવિભાગે યોગ્ય તપાસ કરી નથી. અધિકારીઓએ જાતે કોઈ જ પગલાં લીધા નથી. ઉચ્ચ અધિકારીઓ એરકન્ડિશન્ડ ઓફિસમાં બેસીને મગજનો ઉપયોગ કર્યા વિના કામ કરતાં હોય તેમ જણાય છે. હાઈકોર્ટે આ સમગ મામલે હવે રેલ્વે વિભાગ અને વન વિભાગના સેક્રેટરીના વડપણ હેઠળ ઉચ્ચ સ્તરીય સમિતિ નીમી તપાસ કરાવવાની ચીમકી ઉચ્ચારી હતી. સિંહોનાં મોત મામલે હાઈકોર્ટે માંગેલા ઈક્વાયરી રિપોર્ટ અનુસંધાનમાં રેલ્વે અને વન વિભાગ દ્વારા રિપોર્ટ રજૂ કરાયો હતો.

જો કે, હાઈકોર્ટે આ તપાસ અહેવાલને અસ્પષ્ટ અને ઢાંકપિછોડાના પ્રયાસ સમાન ગણાવ્યો હતો. સત્તાવાળાઓ દ્વારા રિપોર્ટમાં જણાવાયું કે, સિંહોના મોત મામલે ત્રણ કર્મચારીઓના નિવેદન નોંધવામાં આવ્યા હતા અને એક સિંહ ટ્રેકરને નોકરીમાંથી પાણીચું આપી દેવાયું છે. જેથી હાઈકોર્ટે માર્મિક ટકોર કરી હતી કે, નાના કર્મચારીને નોકરીમાંથી કાઢવાનો કોઈ અર્થ નથી. વાસ્તવમાં આ મામલામાં ઉચ્ચ અધિકારીઓની પણ એટલીજ જવાબદારી બને છે. શિસ્ત સંબંધી પગલાં નહી, સિંહોનાં મોત થયા તે પાછળ અકસ્માતના કયા કારણો છે અને ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાઓ ના બને તે માટેના પગલાંની વાત રજૂ કરવાની હોય. તમે રમત રમી રહ્યા હોય એવું જણાઈ રહ્યું છે કારણ કે, રિપોર્ટમાં સિંહોના મોત કેમ થયા અને કયા કારણ કે પરિબળ તેમાં જવાબદાર છે તે સ્પષ્ટ થતુ નથી.

હાઈકોર્ટે ડિવીઝનલ રેલ્વે મેનેજરને ગીર જંગલ વિસ્તારમાં ખાસ કરીને રેલવે ટ્રેક પરની વનસ્પતિઓ દૂર કરવા અને ફેન્સિંગ રિપેર કરવા હુકમ કર્યો હતો. દરમિયાન કોર્ટ સહાય હેમાંગ શાહે અદાલતનું ધ્યાન દોર્યું હતું કે, સત્તાવાળાઓના જવાબમાં સિંહોના મોત મામલે કોઈ ચોક્કસ સ્પષ્ટતા કે જવાબ રજૂ થયો નથી. ખરેખર તો સિંહોના મોત અટકાવવા અને મવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ના થાય તેવી યોજના અમલી બનાવવાની છે પરંતુ રેલ્વે વિભાગ અને વન વિભાગ વચ્ચે સંકલનનો અભાવ વર્તાય છે, તેના કારણે કોઈ સ્પષ્ટ આયોજન સામે આવતું નથી.

રેલ્વે ઓથોરિટીના સોગંદનામાંમાં જ જણાવાયું છે કે, સિંહોની હલચલ અંગે વન વિભાગ તરફથી તેમને કોઈ માહિતી કે ઈનપુટ્સ આપવામાં આવ્યા ન હતા. આમ, બંને વિભાગ વચ્ચે સંકલનનો બિલકુલ અભાવ છે. હાઈકોર્ટે આ વાતની ગંભીર નોંધ લીધી હતી.

કોર્ટ સહાયકે અદાલતનું એ મુદ્દે પણ ધ્યાન દોર્યું કે, અગાઉ સત્તાવાળાઓની ઓગસ્ટ-૨૦૨૩ની બેઠકમાં ટ્રેનની સ્પીડ ૨૦ કિમી રાખવાની વાત હતી પરંતુ તાજેતરમાં જે નવી એસઓપી રેલ્વે ઓથોરીટી દ્વારા જારી કરવામાં આવી છે, તેમાં ટ્રેનની સ્પીડ ૩૦ ૪૦ કિમી રાખવાની વાત કરી છે. તો આ તો ટ્રેનની સ્પીડ ઉલ્ટાની ડબલ કરી દેવાઈ છે.

ટ્રેનની વાસ્તવિક સ્પીડ અંગે કોઈ જ ફોડ પાડવામાં આવતો નથી. વળી, અમરેલી-ખીજડીયા વચ્ચેના માત્ર ૧૬ કિલોમીટર છે અને તેના બ્રોડગેજ પ્રોજેકટ પાછળ સત્તાવાળાઓ રૂ.૧૭૩ કરોડથી વધુનો ખર્ચ કરવા જઈ રહી છે. તેનાથી કંઈ વળવાનું નથી. સિંહના જે ત્રણ અકસ્માતો થયા તે પીપાવા લીલીયા વચ્ચેના રેલ્વે ટ્રેક પર થયા છે, જે બ્રોડગેજના છે, તેમ અકસ્માતો અટકાવવાના પગલાં લેવાવા જરૂરી છે. બિનજરૂરી બ્રોડગેજ લાઈન રૂપાંતરિત કરવાનો કોઈ અર્થ નથી.

# પાંચ વર્ષ બાદ ગુજરાતમાં એન્ટ્રી કરશે પ્રિયંકા ગાંધી

પ્રતિનિધિ દ્વારા

વલસાડ, તા.૨૪

ગુજરાતમાં કોંગ્રેસ આ લોકસભાની ચૂંટણીમાં લડી લેવાના મૂડમાં છે. વિધાનસભા સમયે હાઈકમાન્ડમાંથી રાહુલ કે પ્રિયંકાએ ગુજરાત આવવાનું ટાળ્યું હતું પણ ૫ વર્ષ બાદ પ્રિયંકા વલસાડમાં આવી રહ્યાં છે. પ્રિયંકા ગાંધી લાંબા સમય બાદ ગુજરાતમાં કોંગ્રેસ માટે પ્રચાર કરશે. પ્રિયંકા ગાંધી ૨૭ એપ્રિલે વલસાડના ધરમપુરમાં જનસભાને સંબોધશે. પાર્ટીએ અહીંથી વર્તમાન ધારાસભ્ય અનંત પટેલને ઉમેદવાર બનાવ્યા છે. તેઓ ભાજપના ધવલ પટેલ સામે ચૂંટણી લડી રહ્યા છે.

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી લોકસભા ચૂંટણી માટે ગુજરાતમાં પ્રચાર કરશે. પ્રિયંકા ગાંધી ૨૭ એપ્રિલે ધરમપુરના દરબારગઢ ખાતે વલસાડથી પાર્ટીના ઉમેદવાર અનંત પટેલના સમર્થનમાં જાહેર સભાને સંબોધશે. વિધાનસભાની ચૂંટણીમાં અનંત પટેલની ભારત જોડો યાત્રા વચ્ચે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પ્રચાર કરવા પહોંચ્યા હતા. હવે પ્રિયંકા ગાંધી લોકસભા ચૂંટણીમાં તેમના માટે પ્રચાર કરશે. ભાજપે વલસાડ લોકસભા બેઠક પરથી ધવલ પટેલને મેદાનમાં ઉતાર્યા છે. વલસાડ ગુજરાતની તે બેઠકોમાંથી એક છે જેના પર કોંગ્રેસની પક્કડ સારી છે. પ્રિયંકા ગાંધી છેલ્લે માર્ચ ૨૦૧૯માં ગુજરાત પહોંચ્યા હતા. આ પછી તેઓ પ્રથમ **CWC** મીટિંગમાં હાજરી આપવા આવ્યા હતા.

દક્ષિણ ગુજરાતની આ આગામી લોકસભા બેઠક પરની રેલી દરમિયાન પ્રિયંકા ગાંધી સુરતમાં ભાજપની બિનહરીફ જીતનો મામલો ઉઠાવી શકે છે. અનંત પટેલ વલસાડ લોકસભા મતવિસ્તારમાં આવતી વાંસદા બેઠકના ધારાસભ્ય છે. પ્રિયંકા ગાંધી ગુજરાત વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે આવ્યા ન હતા. તેઓ લાંબા સમય બાદ પ્રચાર માટે ગુજરાત પહોંચશે. કોંગ્રેસ પાર્ટીએ દરબારગઢ કમ્પાઉન્ડમાં પ્રિયંકા ગાંધીની રેલીનું આયોજન કર્યું છે. પ્રિયંકા ગાંધી રેલીમાં સવારે ૧૦ વાગે ગુજરાત પહોંચશે.

વલસાડ લોકસભા બેઠક આદિવાસી પ્રભુત્વ ધરાવતી બેઠક છે.

૨૦૧૪ પહેલાં આ સીટ કોંગ્રેસ પાસે હતી. છેલ્લી બે ચૂંટણીથી ભાજપનો કબજો છે. અત્યાર સુધી અહીંથી ભાજપના નેતા કેસી પટેલ સાંસદ હતા. પાર્ટીએ આ વખતે યુવા નેતા ધવલ પટેલને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. ૨૦૧૯માં ભાજપે આ સીટ પર ૩.૫૩ લાખ વોટથી જીત મેળવી હતી. ગુજરાતમાં લોકસભાની ૨૬માંથી ૨૫ બેઠકો માટે ૭ મેના રોજ મતદાન થશે.